RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૪ ● તારીખ: ૨૫-૦૪-૨૦૨૫,શુક્રવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## એક એક આતંકવાદીને શોધીશું, કલ્પના નહીં કરી હોય તેવી સજા મળશે: મોદી



**૧. આતંકવાદી અને ષડ્યંત્ર રચનારાઓને વિચાર્યું નહીં હોય તેવી સજા મળશે**

**૨. ભારત એક એક આતંકવાદીને શોધશે અને સજા આપશે**

**૩. માનવતામાં વિશ્વાસ રાખતા તમામ લોકો અમારી પડખે ઊભા છે**

**૪. આવા સમયે અમારી સાથે ઉભેલા રાષ્ટ્રોનો આભાર**

**૫. ૧૪૦ કરોડ ભારતીયોની ઈચ્છા શક્તિ હવે આતંકના આકાઓની કમર તોડીને રહેશે**

જમ્મુ-કાશમીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકી હુમલા બાદ વડાપ્રધાન મોદી આજે બિહારની મુલાકાતે છે. રાષ્ટ્રીય પંચાયત દિવસના અવસરે તેઓ મધુબનીમાં એક કાર્યક્રમને સંબોધિત કરી હતી. આ કાર્યક્રમની શરૂઆતમાં તેમણે પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પી અને બે મિનિટનું મૌન પાળ્યું હતું. બાદમાં બિહારમાં વિકાસ કામગીરી અંગે માહિતી આપી હતી. પહલગામ હુમલા બાદ પીએમ મોદીનું આ પહેલું જાહેર ભાષણ છે. આ કાર્યક્રમમાં તેઓ બિહારવાસીઓને અનેક ભેટ આપી હતી. ગેસ વિદ્યુત અને રેલવે પ્રોજેકટના ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રી નીતિશ કુમાર અને તેમના ઘણા મંત્રીમંડળના મંત્રીઓ હાજર રહ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે, ’હુમલામાં આપણે આપણા સ્વજનો ગુમાવ્યા, આખો દેશ પીડિતોની સાથે છે. ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી કામના કરીએ છીએ. દુશ્મનોએ આ હુમલો માત્ર નિર્દોષ પર્યટકો પર નહીં, પરંતુ ભારતના આત્મા પર હુમલો કર્યો છે. દોષિત આતંકીઓ, ષડયંત્રકારીઓને તેમની કલ્પના કરતાં પણ આકરી સજા મળશે. હું આખા વિશ્વને કહેવા માગુ છુ કે, ભારત પ્રત્યેક આતંકવાદીને શોધી શોધીને મારશે. અમે આ હુમલાના ન્યાય માટે દરેક પ્રયાસો કરીશું. આતંકીઓને આકરીથી આકરી સજા આપીશું.’ઉલ્લેખનીય છે કે મંગળવારે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં અત્યાર સુધીમાં ૨૮ લોકોના મોત થયા છે જ્યારે ૧૭ લોકો ઘાયલ થયા છે. આ હુમલો પહલગામની બૈસરન ખીણમાં કરવામાં આવ્યો હતો, જેમાં આતંકવાદીઓએ પસંદગીના લોકોને નિશાન બનાવ્યા હતા.

## જંબુસરમાં ઢાઢર નદીમાં નહાવા પડેલા બાળક પર મગરે કર્યો હૂમલો, એક મહિનામાં બીજી ઘટના

ગુજરાતના ભરૂચની ઢાઢર નદીમાં મગર હોવાની અને હુમલાના ઘટનાઓ સામે આવી રહી છે, ત્યારે જંબુસરમાં કુઢળ ગામમાં નદીમાં નહાવા પડેલા બાળક પર મગરે હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. મગરના હુમલામાં બાળક ઈજાગ્રસ્ત થતાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, એક મહિનામાં આ પ્રકારની બીજી ઘટના થઈ હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ભરૂચના જંબુસરના કુઢળ ગામની નદીમાં ૯ વર્ષીય નિલેશ રાઠોડ નામનો બાળક નહાવા માટે પડ્યો હતો. આ દરમિયાન નદીમાં મગરે નિલેશ પર હુમલો કર્યો હતો. મગરના હુમલાની ઘટનામાં નિલેશના પગના ભાગે ઈજા પહોંચી હતી. સમગ્ર ઘટનાને પગલે ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી અને ઈજાગ્રસ્ત બાળકે સારવાર અર્થે જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ મોકલવામાં આવ્યો હતો.

## ભારતમાં રોકાયેલા તમામ પાકિસ્તાનીઓના વિઝા રદ, માત્ર ૩ દિવસનો સમય



પહલગામ આતંકી હુમલા મુદ્દે ભારતે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ મોટા નિર્ણયો લીધા છે. જેમાં ભારતમાં રહેતાં તમામ પાકિસ્તાની નાગરિકોને ત્રણ દિવસની અંદર પાકિસ્તાન પરત ફરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પાકિસ્તાની નાગરિકોના ભારત વિઝા ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેશે. બીજી બાજુ પાકિસ્તાન નાગરિકોના ભારત માટે મેડિકલ વિઝા ૨૯ એપ્રિલ સુધી માન્ય રહેશે. જેથી પાકિસ્તાનીઓને વિઝા રદ થાય તે પહેલાં પોતાના વતન પરત ફરી જવા આદેશ આપવામાં આવ્યો છે.કેન્દ્ર સરકારે ગઈકાલે સાંજે કરેલી કેબિનેટ બેઠકમાં પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા માટે ૪૮ કલાકનો સમય આપ્યો હતો. આ આદેશને અનુરૂપ અનેક પાકિસ્તાની નાગરિકો અટારી-વાઘા બોર્ડરથી પોતાના સ્વદેશ પરત ફર્યા હતાં. હવે તેમના વિઝા માત્ર ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.બીજી તરફ કેન્દ્ર સરકારે પાકિસ્તાનમાં રહેતાં અને પ્રવાસે ગયેલા ભારતીયોને તુરંત જ સ્વદેશ પરત ફરવા સલાહ આપવામાં આવી છે. સરકારનું આ પગલું જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ લેવામાં આવ્યું છે. આ હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં ગુજરાતના ત્રણ અને બે વિદેશી સામેલ છે. આ ક્રૂર આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકાર પાકિસ્તાનનો બહિષ્કાર કરતાં વિવિધ પ્રતિબંધો મૂકી રહી છે. વિદેશી બાબતોના મંત્રાલયે ભારતીયોને પાકિસ્તાનનો પ્રવાસ ન કરવા ચોખ્ખી ના પાડી છે. બેઠકમાં અટારી-વાઘા બોર્ડર પણ તાત્કાલિક ધોરણે બંધ કરવાની જાહેરાત થઈ હતી. જે લોકો કાયદેસર વિઝા સાથે પાકિસ્તાન ગયા છે, તે તમામ ભારતીયો ૧ મે પહેલાં આ માર્ગે પરત ફરી શકે છે. આજે સવારે અનેક પાકિસ્તાની પરિવાર અટારી-વાઘા બોર્ડરથી સ્વદેશ પરત ફરવા અમૃતસર સ્થિત આઈસીપી પહોંચ્યા હતાં.

## ભૂલથી સરહદ ઓળંગતા ભારતના જવાનને પાકિસ્તાની સેનાએ ડિટેઈન કર્યો



પાકિસ્તાનની સેનાએ બીએસએફના એક જવાનની અટકાયત કરી હોવાના મોટા સમાચાર મળ્યા છે. ભૂલથી પાકિસ્તાનની સરહદમાં જતો રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. પાકિસ્તાન રેન્જર્સે બીએસએફના જવાનની અટકાયત કરી છે. અટકાયત કરવામાં આવેલા બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનની ઓળખ ૧૮૨ બટાલિયનનો કોન્સ્ટેબલ પીકે સિંહ તરીકે થઈ છે. જવાનનો યુનિફોર્મ અને સર્વિસ રાઈફલ પાક. રેન્જર્સે જપ્ત કરી લીધી છે.પંજાબના ફિરોજપુર જિલ્લામાં આવેલી ભારત-પાકિસ્તાન સરહદ પર ગઈકાલે ભૂલથી બીએસએફનો એક જવાન પાકિસ્તાનની સરહદમાં પ્રવેશી ગયો હતો. તે ખેડૂતો સાથે છાયડાંમાં આરામ કરવા માટે આગળ વધ્યો હતો. ત્યારે અચાનક સરહદ ક્રોસ થઈ જતાં પાકિસ્તાની રેન્જર્સ દ્વારા તેને પકડી લેવામાં આવ્યો હતો. જેથી પાકિસ્તાન રેન્જર્સે તેની અટકાયત કરી હતી. બંને દેશો વચ્ચે હાલ ચાલી રહેલાં તણાવ વચ્ચે પાકિસ્તાનની સેનાએ તેને મુક્ત કરવાનો ઈનકાર કર્યો છે. બીએસએફનો આ જવાન થોડા સમય પહેલાં જ આ સરહદ પર તૈનાત થયો હતો. તેથી તેને સરહદની ઓળખ ન હોવાથી ભૂલથી પાકિસ્તાન જતો રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

## સુરતમાં મૃતકની પત્નીએ કરેલી VIPને સુરક્ષાની વાત સાચી સાબિત થઈ!, ભાજપ કાર્યાલય પર ગોઠવાયો પોલીસ બંદોબસ્ત



પહલગામમાં સુરત સહિત દેશના અન્ય રાજ્યોના પ્રવાસી પર થયેલા આતંકવાદી હુમલાને ચારેય તરફથી વખોડવામાં આવી રહ્યો છે. આ હુમલામાં સુરતના એક વ્યક્તિનું મોત થયું છે તેમની અંતિમ યાત્રા દરમિયાન મૃતકની પત્નીએ કેન્દ્રીય મંત્રી સામે બળાપો ઠાલવી સરકાર સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ ઘટનાના થોડા યમય બાદ ઉધનામાં આવેલા ભાજપ કાર્યાલય પર પોલીસ ગોઠવી દેવામાં આવતાં લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ભાજપ કાર્યાલય પર પોલીસની ગાડી અને સ્ટાફની હાજરી જોતા સુરતમાં ચર્ચા શરુ થઈ છે કે, પ્રવાસીઓ પર હુમલો કાશ્મીરમાં થયો અને પોલીસ બંદોબસ્ત સુરત ભાજપ કાર્યાલય પર ગોઠવી દેવાયો છે.

અંતિમ યાત્રા દરમિયાન મૃતક શૈલેષભાઈની પત્ની શિતલ કથળીયા દ્વારા ભારે આક્ષેપ કરવામાં આવતાં કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ પણ નિ:શબ્દ બની ગયા હતા. બીજી તરફ લોકોમાં આતંકવાદી હુમલાને પગલે રોષને જોતાં ઉધના ખાતે આવેલ ભાજપ કાર્યાલય પર પોલીસ કુમક ખડકી દેવામાં આવી છે.

## જમ્મુ-કાશ્મીરની મુલાકાતે ન જતા....આતંકી હુમલા બાદ અમેરિકાની તેના નાગરિકોને સલાહ

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં સર્જાયેલા આતંકી હુમલા બાદ ગુરુવારે અમેરિકાએ પોતાના નાગરિકો માટે એક એડવાઈઝરી જાહેર કરી છે. અમેરિકાએ પોતાના નાગરિકોને જમ્મુ-કાશ્મીર ન જવાની સલાહ આપી છે. તેમણે અમેરિકાના નાગરિકોને પહલગામ સહિત કાશ્મીર ખીણથી દૂર રહેવા તેમજ સ્થાનિક મીડિયા પર નજર રાખવા સલાહ આપી છે.

ભારતમાં અમેરિકી દૂતાવાસ અને વાણિજ્ય દૂતાવાસોની સત્તાવાર વેબસાઈટ પર જાહેર એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે કે, જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંકી હુમલો અને હિંસક નાગરિક અશાંતિ સંભવ છે. આ ક્ષેત્રમાં નાની-મોટી હિંસા થતી રહે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે LOC પર આ પ્રકારની હિંસા થવી સામાન્ય છે. આ હિંસા કાશ્મીર ખીણના પર્યટન સ્થળો શ્રીનગર, ગુલમર્ગ, અને પહલગામમાં થાય છે. ભારત સરકાર LoCની સાથે અમુક ક્ષેત્રોમાં વિદેશી પર્યટકોને જવાની મંજૂરી આપતી નથી. એડવાઈઝરીમાં વધુમાં જણાવ્યું હતું કે, ભારતના કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ આતંકી હુમલામાં અનેક લોકો માર્યા ગયા હતા. સ્થાનિક મીડિયા અનુસાર, હુમલાના કારણે ભારતના ઘણા શહેરો હાઈ ઍલર્ટ પર છે. આને ધ્યાનમાં રાખીને, અમેરિકન નાગરિકોને જમ્મુ અને કાશ્મીરની મુસાફરી ન કરવા સલાહ આપવામાં આવે છે.

## પહલગામ આતંકી હુમલા પર સર્વદળીય બેઠક, રાહુલ ગાંધીએ કહ્યું- સરકારને અમારો પૂરો સપોર્ટ

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને કેન્દ્ર સરકારે કેટલાક મહત્ત્વના પગલાં ભર્યા છે. બુધવારે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ મોટા નિર્ણયો લીધા બાદ હવે આજ ગુરૂવારે વિદેશ મંત્રી એસ. જયશંકર અને ગૃહમંત્રી અમિત શાહ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ સાથે મુલાકાત કરવા પહોંચ્યા હતા. આ ઉચ્ચસ્તરીય બેઠક સુરક્ષા સ્થિતિની ગંભીરતા અને આગામી રણનીતિઓ પર ચર્ચાને ધ્યાને રાખતા મહત્ત્વની મનાઈ રહી છે. ત્યારબાદ આજે સાંજે સર્વદળીય બેઠક બોલાવાઈ હતી. જેની અધ્યક્ષતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કરી હતી. સર્વદળીય બેઠકમાં અમિત શાહ, એસ. જયશંકર, કિરેન રિજિજૂ, મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, જેપી નડ્ડા, સપાના રામગોપાલ યાદવ, બીજૂ જનતા દળના સસ્મિત પત્રા, ડીએમકેના ત્રિચી શિવા, આપના સંજય સિંહ સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

## રશિયાનો કીવ પર હુમલો, અનેક ઈમારતો ધરાશાયી, ડ્રોન-મિસાઈલો ઝીંકતા ૯ના મોત

રશિયાએ યુક્રેન વિરુદ્ધના યુદ્ધને વધુ આક્રમક બનાવ્યું હોય, તેમ કીવ પર ભયાનક હુમલો કર્યો છે. રશિયાએ યુક્રેનની રાજધાનીમાં ભીષણ ડ્રોન અને મિસાઈલોથી હુમલો કરતા ૬ બાળકો સહિત ૯ લોકોના મોત અને ૭૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ હુમલામાં અનેક ઈમારતો ધરાશાયી થઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. યુક્રેનાના અધિકારીઓ રશિયા દ્વારા કરાયેલા હુમલાની માહિતી આપી છે. કીવ સિટી મિલિટ્રી એડમિનિસ્ટ્રેશને ટેલીગ્રામ ચેનલ પર કહ્યું કે, રશિયાએ ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલથી કીવ પર હુમલા કર્યા છે. યુક્રેનની સ્ટેટ ઈમરજન્સી સર્વિસે કહ્યું કે, હુમલા બાદ ઓછામાં ઓછા ૪૩ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ધરાશાયી થયેલી ઈમારકોના કાટમાળ નીચે અનેક લોકો દબાયા છે, જેમને બચાવવા માટે પુરજોશમાં કામગીરી ચાલી રહી છે.

કીનના સૈન્ય અધિકારી પ્રમુખ તૈમૂર તકાચેંકોએ કહ્યું કે, ‘રશિયાના હુમલાના કારણે કીવમાં અનેક ઈમારતોમાં આગ લાગી હોવાની માહિતી મળી છે. તેણે મોડી રાત્રે લગભગ એક વાગ્યે હુમલા શરૂ કર્યા હતા અને અમારા ચારથી વધુ વિસ્તારોને નિશાન બનાવ્યા છે. સૌથી વધુ સ્વિયાતો શિન્સ્કી જિલ્લામાં ભારે વિનાશ વેર્યો છે.

## તંત્રી લેખ......

# સોનામાં તેજી પાછળ આ ચાર કારણો જવાબદાર, છેલ્લા ચાર માસમાં આપ્યું ૨૭ ટકા રિટર્ન

વિશ્વની ટોચની બે મહાસત્તા વચ્ચે ભીષણ ટ્રેડવૉરના કારણે વિશ્વભરમાં મંદીનું સંકટ વધ્યું છે. જેના પગલે કિંમતી ધાતુ બજારમાં તેજીનું ઘોડાપુર આવ્યું છે. છેલ્લા એક માસમાં સોનાનો ભાવ રૂ. ૬૦૦૦ વધી રૂ. ૧,૦૦,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામના ઐતિહાસિક લેવલે પહોંચ્યો છે. એમસીએક્સ સોના અને વર્લ્ડ કોમેક્સ સોનું પણ રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. સોનામાં આક્રમક તેજીનું એક કારણ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પોતાના જ દેશની સેન્ટ્રલ બૅન્ક ફેડ રિઝર્વના ચેરમેનની ટીકા કરવાનું પણ છે. અમેરિકામાં મંદીના વાદળોઃ ટેરિફવૉરના કારણે અમેરિકામાં ફુગાવો વધવાનું જોખમ વધ્યું છે. જેનાથી આર્થિક મંદીના વાદળો ઘેરા બન્યા છે. આ પડકારો વચ્ચે હાલમાં જ ટ્રમ્પે ફેડ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલની ટીકા કરતાં કહ્યું કે, જો તેઓ વ્યાજના દરોમાં ઘટાડો નહીં કરે તો અમેરિકામાં મંદી આવશે. પરંતુ ફેડએ અગાઉ જ નિવેદન આપી દીધું હતું કે, તેઓ વર્તમાન ટેરિફના માહોલમાં વ્યાજના દરોમાં ઘટાડો કરવાની ઉતાવળ કરશે નહીં. ટેરિફના કારણે દેશમાં ફુગાવો ફાટી નીકળવાની શક્યતાઓ વધી છે. અમેરિકામાં મંદીની ભીતિ સુનિશ્ચિત થતાં સોના-ચાંદીમાં ખરીદી વધી છે.ડૉલર ઈન્ડેક્સ ત્રણ વર્ષના તળિયેઃ વૈશ્વિક પડકારો અને ફેડ તથા ટ્રમ્પ વચ્ચેના વિવાદના કારણે ડૉલર ઈન્ડેક્સ સતત તૂટી રહ્યો છે. ૨ એપ્રિલે ટ્રમ્પ દ્વારા રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાતથી જ ડૉલર નબળો પડ્યો છે. જેના લીધે ડૉલર ઈન્ડેક્સ ૧૦૯ના રેકોર્ડ લેવલથી કડડભૂસ થઈ ૯૮.૨૭ થયો છે.

# પોલીસ કમ્પલેઈન ઓથોરીટી (પીસીએ) ની જાણકારી

પોલીસ પ્રજાની મિત્ર છે, દુશ્મન નથી તે સુત્ર દરેકે યાદ રાખવું જોઈએ

વર્ષ ૨૦૦૬ માં પ્રકાશસિહ વિરુદ્ધ ભારત સરકારના કેસમાં સુપ્રીમ કોર્ટે દરેક રાજ્યોને પોતાના પોલીસ તંત્રના માળખાકિય ફેરફારો કરવાનો આદેશ કર્યો જે અંતર્ગત દરેક રાજ્યમાં એક પોલીસ કમ્પલેઈન ઓથોરીટી જિલ્લા તથા રાજ્ય કક્ષાએ ઊભી કરવાનો આદેશ આપવામાં આવેલ. પ્રજાની પોલીસ વિરુદ્ધની વિશાળ કારેયાદીની સ્થાનિક કક્ષાએ અલગથી જ એક વ્યવસ્થા ઊભી કરી નિકાલ કરવામાં આવે..રાજ્ય કક્ષાની પોલીસ કમ્પલેઈન ઓથોરીટી ડી.વાય.એસ.પી. કક્ષાના નિવૃત્ત અધિકારી તેમજ નિવૃત્ત સનદી અધિકારી તેમની કામગીરી સંભાળે છે. સામાન્ય રીતે તમામને પોલીસના કડવા અનુભવો થતા હોય છે. પોલીસ સ્ટેશનમાં વ્યવસ્થિત જવાબ ના આપવો, ખોટા ધક્કા ખવડાવવા અયોગ્ય અને ઉધ્ધત વર્તન કરવું, અત્યાચાર કરવો વિગેરે...ઘટનાઓનું પ્રમાણ વધતું જાય છે. કાયદા અને સત્તાને લીધે પોલીસના ડરના કારણે લોકો પોલીસ વિરુદ્ધ ફરિયાદ કરતાં નથી. આ માટે પી.સી.એ. ની રચના કરવામાં આવી છે.

પોલીસ સ્ટેશનની ઓથોરીટી સમક્ષ પોલીસ કસ્ટડીમાં મોત નિપજાવવા માટે આઈ.પી.સી. કલમ ૩૨૦ માં જણાવ્યા મુજબની કોઈ ગંભીર ઈજા કરવામાં આવે, કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર ગેરકાયદેસર ધરપકડ કે ડિટેઈન કરવામાં આવે ,પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે નાણાં માંગવામાં આવે, જમીન અથવા મકાનનો કબજો પડાવી લેવામાં આવે, ઉપરી અધિકારીઓ દ્વારા નીચેના વર્ગના કર્મચારીઓને ત્રાસ આપવામાં આવે. પોલીસ દ્વારા સત્તાનો દુરઉપયોગ કરવામાં આવ્યો હોય ત્યારે ભોગ બનનાર પોતે અથવા તેના વતી કોઈપણ વ્યક્તિ અથવા રાજ્ય / રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અથવા પોલીસને જ ઉપરી પોલીસ વિરુદ્ધ કોઈ ફરિયાદ હોય તેવા પોલીસ કર્મચારી અથવા કોઈપણ સ્ત્રોત દ્વારા ફરિયાદ કરી શકે છે.

પી.સી.એ. સમક્ષ કોઈપણ વ્યક્તિ પોલીસ વિરુદ્ધમાં તેમજ પોલીસ પોતે પોલીસ અધિકારીના વિરુદ્ધમાં ફરિયાદ લખાવી શકે છે. ફરિયાદી અથવા તેના વતી વ્યક્તિનું નામ, સરનામું, સહિત ભોગ બનનારની હકીકતની એક સાદી યાદી લખી પી.સી.એ. ને આપવાની હોય છે. જેમાં શું ઘટના બની હતી તેની વિગત, કઈ તારીખે, સમયે બની હતી તેની વિગત કોના વિરુદ્ધ ફરિયાદ છે તેની વિગત, ઘટનામાં શું કહેવામાં આવ્યું અને કરવામાં આવ્યું તેની વિગતો લખવાની હોય છે. ઘટના સમયે કોણ કોણ વ્યક્તિ હાજર હતી જેમણે ઘટના જોઈ હતી તેમના હોદા, નામની વિગત જો કોઈ આર્થિક નુકસાન થયું હોય, શારીરિક નુકસાન થયું હોય તો તેની વિગત, ઘટનાને લગતા ફોટો, વીડિયો પણ જોડવા જો ઈજા થઈ હોય અને સારવાર લીધી હોય તો મેડિકલ સર્ટી જોડવું, પોલીસ સ્ટેશન ડાયરીનો પુરાવો આ ઉપરોક્ત તમામ બાબતોની એક ઝેરોક્ષ કોપી ફરિયાદ સાથે બિડાણ કરીને પોસ્ટ દ્વારા ઈમેઈલ દ્વારા કે રૂબરૂમાં જઈને ફરિયાદ કરી શકાય છે.કાયદાથી ઉપર કોઈ જ નથી દરેકને સમાન હક્કો અને તકો બંધારણ દ્વારા આપવામાં આવી છે. ફરજનું ચુક કરનાર સામે પગલાં ભરવા જોઈએ. કાયદાકીય બાબતોથી આમ નાગરિકોને જાગૃત થવાની જરૂર છે. પોલીસ પ્રજાના રક્ષણ માટે છે ભક્ષણ માટે નથી, ન્યાય મેળવવાની જાણકારી અને તેનો ઉપયોગ કરી અત્યાચાર થતો અટકાવી શકાય છે. કાયદાથી કોઈ પર નથી. કોઈ પોલીસ તમને ખોટી રીતે હેરાન પરેશાન કરે તો પી.સી.એ. સમક્ષ સીધી ફરિયાદ કરી ન્યાય મેળવી શકાય છે. પોલીસ દ્વારા લાંચ માંગવામાં આવે તો તેવા કિસ્સામાં એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કરી રેડ કરાવી લાંચ લેનારને છટકું ગોઢવી પકડાવી શકાય છે. લાંચ લેનાર અધિકારી સામે એન્ટી કરપ્શન એકટ પ્રમાણે એફ. આર.આઈ. નોંધી પગલાં ભરવામાં આવે છે પરંતુ પોલીસના ડરના કારણે સમાજના આમ લોકો ફરિયાદ કરવાનું ટાળે છે તથા પોલીસ વિરુદ્ધ ફરિયાદ કરતાં ડરે છે, પરંતુ હવે પોલીસ વિરુદ્ધની ફરિયાદ કરવા માટે પોલીસ કમ્પલેઈન ઓથોરીટીની રાજ્ય તથા જિલ્લા સ્તરે રચના કરવામાં આવેલ હોય પોલીસથી અત્યાચાર પામેલ ભોગ બનનાર વ્યક્તિ સીધા ઈમેલ દ્વારા પણ પોલીસ અધિકારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી ન્યાય મેળવી શકે છે. ન્યાય મેળવવો એ દરેકનો બંધારણીય હક્ક છે તેમાં કોઈ વ્યક્તિ અવરોધ રૂપ ના બની શકે.

પ્રકાશસિંહ વિરુદ્ધ ભારત સરકારના કેસના ચુકાદા મુજબ દરેક રાજયની પોલીસને પી.સી.એ. ની રચના કરવા ભારત સરકારે ગાઈડલાઈન આપેલ છે તેમજ પોલીસ વિભાગમાં માળખાકિય ફેરફારો કરવાનો તંત્રને આદેશ કર્યો છે. કેટલાક જિલ્લામાં પોલીસ મિત્રની યોજના પણ અમલમાં છે. આમ નાગરિક, સ્કૂલ, કોલેજના વિદ્યાર્થીઓને એન.જી.ઓ. ના કાર્યકર્તાને પોલીસ મિત્ર બનાવી સમાજમાંથી પોલીસનો ભય, હાઉ દૂર કરવા માટે માનવીય પ્રયત્ન કરવામા આવે છે. પોલીસ પ્રજાની મિત્ર છે, દુશ્મન નથી તે સુત્ર દરેકે યાદ રાખવું જોઈએ.

**કાયદાની કલમ**



લેખકઃ ડો. અશ્વિન વી. ત્રિવેદી
(એડવોકેટ, નોટરી અને સ્પે. પી.પી.)

# સાબરકાંઠા જિલ્લા પંચાયત-હિંમતનગર ખાતે રાષ્ટ્રીય પંચાયત દિવસ યોજાયો



આજ રોજ સાબરકાંઠા જિલ્લા પંચાયત-હિંમતનગર ખાતે રાષ્ટ્રીય પંચાયત દિવસ અને પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષ કાર્યક્રમ જીલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલની અધ્યક્ષતામાં યોજાયો,જેમાં સાબરકાંઠા અરવલ્લી લોકસભાના લોકપ્રિય સાંસદ શ્રીમતી શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા જી એ હાજરી આપી.

'રાષ્ટ્રીય પંચાયત દિવસ'ના ઉપલક્ષમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહાર ખાતેથી દેશની ગ્રામપંચાયતોને સંબોધન કર્યુ હતું,જે કાર્યક્રમને સાબરકાંઠા જિલ્લા પંચાયત ખાતે નિહાળ્યો અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના કાર્યક્રમનું પણ જીવંત પ્રસારણ નિહાળ્યું.પંચાયતી રાજ વ્યવસ્થા સત્તાના વિકેન્દ્રીકરણ થકી ગામ, તાલુકા અને જિલ્લાને પોતીકી જરૂરિયાતો મુજબ પોતાનો વિકાસ કરવાના અવસર આપે છે. પંચાયતી રાજ વ્યવસ્થાને વધુને વધુ સુદ્રઢ બનાવવા માટે સ્થાનિક સ્વરાજના પ્રતિનિધિશ્રીઓ, અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ વચ્ચેનું સુવ્યવસ્થિત સંકલન મહત્વનું હોય છે. આ કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં જીવ ગુમાવનાર નાગરિકોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી.આ કાર્યક્રમમાં સાંસદશ્રી સાથે રાજ્યસભા સાંસદશ્રી રમીલાબેન બારા,જિલ્લા ભાજપના અધ્યક્ષ શ્રી કનુભાઈ પટેલ, ધારાસભ્યશ્રી વિ.ડી. ઝાલા જી,જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, મહામંત્રી શ્રી વિજયભાઇ પંડયા સહિત વિવિધ પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચીલોડા-હિંમતનગર હાઈવે પર અકસ્માત રોકવા પશુપાલકોને સૂચના, દંડની ચેતવણી

ગાંધીનગર જિલ્લામાં ચીલોડા-હિંમતનગર હાઈવે પર વારંવાર થતા અકસ્માતોને રોકવા પોલીસે નવી પહેલ કરી છે. ટ્રાફિક પોલીસ અને ચીલોડા પોલીસે સંયુક્ત રીતે આ સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે.પોલીસે આસપાસના ગામોના પશુપાલકોની મુલાકાત લીધી છે. તેમને રખડતા ઢોરને નિયંત્રણમાં રાખવાની સૂચના આપી છે. આ હાઈવે પર છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોરોના કારણે અનેક અકસ્માતો થયા છે.ચીલોડા વિસ્તારમાં અન્ય સમસ્યાઓ પણ છે. પોલીસ મથકની આસપાસ ગેરકાયદે લારી-ગલ્લાનું દબાણ છે. વાહનોની આડેધડ પાર્કિંગ પણ ટ્રાફિક સમસ્યા ઊભી કરે છે. ટ્રક ચાલકો પણ હાઈવે પર વાહનો પાર્ક કરી દે છે

થોડા સમય પહેલા પોલીસે હાઈવે પર વાહનો ન પાર્ક કરવા માટે બોર્ડ લગાવ્યા હતા. હવે રખડતા ઢોરોની સમસ્યા વધી ગઈ છે. ગમે ત્યારે રસ્તા પર આવી જતા ઢોરોના કારણે અકસ્માતનું જોખમ રહે છે.પોલીસે પશુપાલકોને ચેતવણી આપી છે કે જો તેમના ઢોર રસ્તા પર જોવા મળશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. આ પગલાંથી હાઈવે પર થતા અકસ્માતો ઘટશે તેવી આશા છે.

## તલોદ વેપારી એસોશિયેશન
# ધંધા રોજગાર બંધ રાખી આંતકી હુમલાની ઘટનામાં મૃત્યુ પામેલા પર્યટકોને શ્રધ્ધાંજલી આપશે...!!

દેશના અલગ અલગ રાજ્યોમાંથી કાશ્મીર ના પ્રવાસે ગયેલા પર્યટકોને નિશાન બનાવી આતંકવાદીઓ પહલગામ વિસ્તાર માં ગોળીબાર કરી અંદાજે ૨૬ જેટલા પર્યટકો ઉપર ગોળીઓ વરસાવી મોત નિપજાવતા આ દુઃખદ આતંકી ઘટનાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.સમગ્ર દેશવાસીઓ આ આતંકી ઘટનાને વખોડી કાઢી છે.આતંકવાદી તત્વો તેના આકાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સરકાર સમક્ષ દેશવાસીઓ માંગ કરી રહ્યાં છે. સમગ્ર દેશમાં પહલગામ આતંકવાદી ઘટનામાં જીવ ગૂમાવનાર મૃતકોને ભગવાન ચિર શાંતિ આપે તે માટે ઠેર ઠેર દેશવાસીઓ શ્રધ્ધાંજલિ અર્પિ રહ્યા છે.ત્યારે સાબરકાંઠા ના વેપારી મથક તલોદ નગરમાં પણ વેપાર,ધંધા સાથે સંકળાયેલ વિવિધ વેપારી એસોશિએશન, માર્કેટયાર્ડ વેપારી એસોશિયેશન ૨૫ એપ્રિલ શુક્રવારે જાહેર હરાજી બંધ રાખવાનો તેમજ બજારના નાના મોટા વેપારીઓ પણ ધંધા રોજગાર એક દિવસ માટે સ્વયંભૂ બંધ પાડી મૃતકોને શ્રધ્ધાંજલિ આપે તેવી સોશ્યલ મિડીયા દ્વારા અપિલ કરાઇ છે.૨૫ એપ્રિલ ૨૦૨૫ ને

## વિહિપ અને આર.એસ.એસ દ્વારા રેલી -પૂતળા દહનનું કરાયું આયોજન

શુક્રવારના રોજ તલોદ પ્રખંડ વિહિપ(વિશ્વ હિન્દુ પરીષદ) તથા આર.એસ.એસ(રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ)દ્વારા તલોદ ટીઆરચોકડી થી ટાવર ચોક થઈ માતાજી ના ચોક સુધી વિશાળ રેલી પુતળા દહનનું આયોજન કરવામાં આવ્યું છે.!!આ રેલી બાદ માતાજી ના ચોક ખાતે આતંકીઓના પુતળાનુ દહન કરી પહલગામ આતંકી હુમલામાં મોતને ભેટેલા તમામ પર્યટક મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે તેમ તલોદ પ્રખંડ વિહિપ ના પ્રમુખ ટીનુભા ઝાલા એ જણાવ્યું હતું....

# "બધા માટે "સારાભા" બની રહેવામાં હવે આ જમાનામાં મજા નથી. સૌથી પ્રથમ તો દેશમાં રહેલા દેશવિરોધી તત્વોને કાયદાની ભાષામાં સરેઆમ સમાપ્ત કરવાની જરૂર છે!!!!!"

(અંક નંબર ૩૧૫)

સમગ્ર વિશ્વમાં સદભાવ આપવામાં અગ્રેસર અગ્રણી બનવાનું છોડો !!! વિશ્વગુરુ નહીં બનો તો ચાલશે પરંતુ કડક વર્ગ શિક્ષક બનવાની તાતી જરૂર છે. આ સક્ષમ સરકાર હોવા છતાં અંદર સુધી લાવનારાઓને, સગવડ આપનારાઓ ને સખત સજા કરો, કોઈપણ ધર્મનો હોય પરંતુ લોકશાહીના નામે, વાણી સ્વાતંત્ર્યના નામે, રાજકીય રોટલા માટે... દેશદાઝ ઘટાડવાના અને દેશવિરોધી તત્વોને પ્રોત્સાહન આપવા માટે કામ કરતો હોય તેને કાયદાની ભાષામાં સમાપ્ત કરો !!!હવે રાહ જોશો તો તમારે પણ રાહ જોતા થઈ જવું પડશે!!!!!

"કલમાનો કાગળ બન્યો છે અવાચક નિકળે છે નિશબ્દ નાદ,
શ્રધ્ધાજંલિ છોડો અમને સંભળાવો હવે રણટંકારનો સાદ.

હજારો પેઢીઓથી કરીએ છીએ શું કામ નફફટ કાયરોને માફ,
એકજ સ્તબ્ધતા થઈ છે કે આ વખતે તો પૂછી છે એમણે જાત.

આવી બર્બરતા એમણે થોડી પહેલીવાર કરી છે ભાઈ આજ,
શરમજનક ઘટના એટલી કે લીધી છે લલકાર કરીને આપણી લાજ.

ફનાગીરીનો આપો આદેશ અને સજાવો આયુધોના સાજ,
નરબંકાઓ નિકળી પડો માભોમ માટે જગાવી દિલમાં દાઝ.

ઉઠો આફત આવી પડી છે આપણા અસ્તિત્વની માટે લાગો કાજ,
હરપળ અને હરસ્થળ હણાઈ રહી છે જગમાં બધે હિન્દુ જાત.

કહે મિત્રો સૌ 'અલખ'તું લખ યુદ્ધની એવી કેશરી કથાની વાત,
કહું છું કે કાપી નાખો છિખંડીઓને જે બેઠા છે દેશમાં બનીને ઘાત."
શ્રી બી. એસ. પટેલ'અલખ'

શું વિચારવું અને શું લખવું ? એ આજે સૂઝતું નથી, કેટલાય હુમલાઓ અને ઘાતકીકૃત્યો વારંવાર સાંભળતા અને જોતા આવ્યા છીએ પરંતુ આ હુમલાનું સૌથી ચોંકાવનારું પાસું એ છે કે આતંકવાદીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ધમકીઓ આપી હતી. એક પ્રવાસીએ જણાવ્યું કે આતંકવાદીઓએ કહ્યું, "તમે લોકોએ મોદીને ખૂબ મહત્વ આપ્યું છે, હવે અમે તેમને સબક શીખવીશું." આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે આ હુમલો માત્ર પ્રવાસીઓ પર જ નહીં, પરંતુ રાજકીય નેતૃત્વને પણ નિશાન બનાવવાનો હતો. ગુપ્તચર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ હુમલાનું આયોજન લશ્કર-એ-તૈયબાના નાયબ નેતા સૈફુલ્લાહ કાસુરીએ કર્યું હતું, જે હફીઝ સઈદનો નજીકનો સાથી છે. આ ઘટનાએ રાજકીય અને સુરક્ષા ચર્ચાઓને વેગ આપ્યો છે.

અત્યાર સુધી ભારત વર્ષ ઉપર અને હિન્દુ ધર્મ ઉપર જે કંઈ પણ ઘટનાઓ બની એ મોટેભાગે ભારતના અભિન્ન અંગ એવા કાશ્મીર ઉપર પોતાનું મહત્વ પ્રસ્થાપિત કરવા અને કાશ્મીર નો પ્રશ્ન સતત સળગતો રાખવા માટે આંતકવાદી હુમલા થતા હતા.આ વખતે પહેલી વાર એવું બન્યું છે કે જમ્મુ કાશ્મીર નો પ્રશ્ન બાજુ પર છે અને માત્ર હિન્દુ ધર્મના લોકોને જ ટાર્ગેટ કરીને આ હુમલો કરવામાં આવ્યો છે. એટલા માટે જ હિન્દુ હોવાની ખાતરી કરાયા બાદ જ લોકોની હત્યા કરવામાં આવી છે. સમગ્ર વિશ્વની અંદર ભારત અને પાકિસ્તાન વચ્ચે જમ્મુ કાશ્મીરના પ્રશ્ન સંદર્ભે થતી અનેક આંતકવાદી ઘટનાઓ કરતાં આ વખતની આ ઘટના થોડીક વિચિત્ર અને વિશિષ્ટતા વાળી છે એ કોઈ નકારી શકે તેમ નથી. અનેક શંકાઓ અને કુશંકાઓ કરવાનો આ ઘટનામાંથી લોકો લાભ લઈ રહ્યા છે.હકીકતોથી વાકેફ ન હોવા છતાં મીડિયા જગત આવા લોકોને અગ્રીમતા આપીને સમાજમાં ઝેર પ્રસરવાનું કામ પણ કરી રહ્યું છે.

પહેલગામ હુમલાએ જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ પર ફરી એકવાર પ્રશ્નો ઉભા કર્યા છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સરકાર પર "સામાન્ય સ્થિતિના ખોટા દાવા" કરવાનો આરોપ લગાવ્યો છે. બીજી તરફ, સરકારે આતંકવાદીઓને શોધીને સજા આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સ્થાનિક લોકોએ હુમલાના વિરોધમાં મીણબત્તી માર્ચ કાઢી, જે દર્શાવે છે કે આતંકવાદ સામે લડવાની ભાવના હજુ જીવંત છે. પહેલગામના પ્રવાસન ઉદ્યોગને આ ઘટનાથી નુકસાન થશે, પરંતુ સરકારે પ્રવાસીઓની સુરક્ષા માટે કડક પગલાં લેવાની જરૂર છે.

પહેલગામ આતંકવાદી હુમલો એક એવી ઘટના છે, જેણે ફરી એકવાર આતંકવાદનો નીચો ચહેરો બતાવ્યો છે. ૨૬ નિર્દોષ લોકોના મોત અને ૨૦ થી વધુ ઘાયલોની સ્થિતિએ આખા દેશને શોકમાં ડૂબાવ્યો છે. આતંકવાદીઓની મોદી સામેની ધમકીઓએ આ હુમલાને રાજકીય રંગ આપ્યો છે, પરંતુ સરકાર અને સુરક્ષા દળોનું મજબૂત વલણ આશા જગાવે છે. પ્રત્યક્ષદર્શીઓની વાતો આ હુમલાની ભયાનકતા દર્શાવે છે, અને આંતરરાષ્ટ્રીય સમર્થન ભારતની લડાઈને મજબૂત કરે છે. આ ઘટના પછી, સરકારે સુરક્ષા વધારવી અને ન્યાય સુનિશ્ચિત કરવો પડશે, જેથી પહેલગામ જેવી સુંદર જગ્યાઓ ફરીથી પ્રવાસીઓ માટે સુરક્ષિત બને.

એમાંય વળી આ લખી રહ્યો છું ત્યારે સમાચાર મળ્યા છે કે આ હુમલા ની જવાબદારી લેનાર આંતકવાદી પોતે પણ હવે ઢીલો પડી ગયો છે અને કહે છે કે અમે હુમલો કરાવ્યો નથી!!!! વાહ શું સ્થિતિ છે? કાં તો ક્યાંક હવે ડર પેઠો છે કે ક્યાં તો કોઈને હવે ડર રહ્યો નથી.

પહલગામ આમતો ભરવાડોનું ગામ ગણાય છે જે ખૂબ સુંદર પ્રાકૃતિક દ્રશ્યો ધરાવે છે. અહીં પ્રવાસી કોઈ હોટેલમાં માત્ર આરામ કરી શકે છે અથવા આસપાસની ઘણી ટેકરીઓમાં કોઈ એક પર આરોહણ કરી શકે છે જેમાં લીદ્દેરવાત, કોલોહોઈ હિમનદી અને સોમાંગ શામિલ છે. અહીં શિયાળાના સમય દરમ્યાન સ્નો સ્કીઈંગ કરી શકાય છે પહલગામ જેવા સ્વર્ગ માં રહેવા માટે જમ્મુ કાશ્મીર પર્યટન નિગમ ખૂબ સસ્તા દરે કોટેજ આપે છે. કેવું અદભુત પર્યટનનું સ્થળ જમીન ઉપરનું સ્વર્ગ.હવે આ ભૂમિ પણ લાલરંગો થી રંગાઈ ચૂકી છે. આપણે સૌ જાણીએ છીએ કે સ્થાનિક લોકો ને જ આની આર્થિક અસર થશે, છતાં કેમ જાણે કેમ કાશ્મીરની આ વાદીઓ વચ્ચે ભાઈચારાની ભાવના ખતમ કરવા આ નરાધમોએ આવું ખરાબ કૃત્ય કર્યું. કોણ નરાધમો છે આ??...હવે સમય બાકી રહ્યો નથી પણ પાકી ગયો છે. હિન્દુસ્તાનની સર જમીન ઉપર આવીને ખુલ્લેઆમ લલકાર કરવો અને લલકારને સહન કરવા વાળા દેશપ્રેમીઓ ઉપર પણ દોષારોપણ થાય તેવી રીતે ધર્મ અને જાતિ પૂછવી ખરેખર હવે હદ થઈ ચૂકી છે આ હુમલામાં તો......

એમ કહેવાય છે કે સમગ્રતયા શાંતિ માટે પણ યુદ્ધ કરવું અનિવાર્ય હોય છે. એક બુદ્ધિજીવી વ્યકિત તરીકે યુદ્ધની વિચારસરણી યોગ્ય નથી અને એ પણ સાચું છે કે યુદ્ધ કરવાથી પાકિસ્તાનને તો કંઈ જ નુકસાન થાય એવું નથી કારણ કે ત્યાં રહયું છે પણ શું? યુદ્ધના બહાને પાકિસ્તાની બધી એ બધી પ્રજા ભારતમાં આવી જશે!!!!! અને છેલ્લે તો સહન કરવું પડશે ભારતની પ્રજાએ જ!!!! ગુજરાતીમાં કહેવત છે કે "નાગાની પાંચશેરી ભારે " અને "જેની પાસે લૂંટાવાનું કઈ જ નથી એને શાનો ડર હોય"....વળી બધાને ખબર છે કે છેલ્લી પાટલીએ બેસી ગયેલા પાકિસ્તાન સાથે યુદ્ધ કરવું એ પણ આપણા માટે નામોશી ભર્યું ગણાય!!!! એવી સ્થિતિ પેદા કરીને મૂકી દીધી છે કે ભારતની ગણતરી વિશ્વની મહાસત્તાઓ સમકક્ષ થતી હોય તેવા સમયે આ કનિષ્ઠ પાડોશીઓ સાથે કેવી રીતે નીપટવું ? એ કૂનેહ હવે નરેન્દ્ર મોદી સરકારે બતાવવી પડશે.

નહીંતર તો આતંકી હુમલાથી ચર્ચામાં આવેલું પવિત્ર સ્થાન કે જે હિમાલયની ઉંચાઈઓ વચ્ચે વસેલું જમ્મુ અને કાશ્મીરનું પહેલગામ વર્ષોથી પોતાની શાંત, કુદરતી સુંદરતા અને ઠંડા વાતાવરણ માટે જાણીતું રહ્યું છે. લીલાછમ ઘાસના મેદાનો, ઘાટીઓમાં વહેતાં પ્રવાહો, અને ઐતિહાસિક મંદિરોએ આ જગ્યાને 'ભૂ-સ્વર્ગ' બનાવ્યું છે. એની શ્રદ્ધામાં અને હિન્દુ ધર્મ ની આસ્થામાં અને સમગ્ર ભારત દેશની આન-બાન અને શાનનું નિકંદન નીકળી જશે તથા હવે પછી શાસકો ઉપર કોઈ નો વિશ્વાસ રહેશે નહીં એ નક્કી....બાકી તો પછી...રામે.... રામ.

**મેનેજિંગ તંત્રી**



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# બોટાદ ખાતે ટેકાના ભાવે ચણાની ખરીદીનો પ્રારંભ કરાયો



મનહરભાઈ માતરીયા - ગુજરાત સરકાર દ્વારા ગૂજકો માસોલ મારફતે બોટાદ સેન્ટર ખાતે બોટાદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા સરકારી ટેકાના ભાવે ચણાની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.આ પ્રસંગે બોટાદ યાર્ડના ચેરમેન મનહરભાઈ માતરીયા,તાલુકા ખ.વે.સંઘના ચેરમેન પ્રતાપભાઈ ધાધલ,યાર્ડના સેક્રેટરી અનકભાઈ મોભ, મેનેજર ભરતભાઈ ખાચર ગુજાકો માસોલ ટ્રેડર કમલેશ પટેલ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.ટેકાના ભાવે ખરીદી શરૂ થતાં ચણાની ઉપજના પોષણક્ષમ ભાવો મળતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.-અખંડ ભારત

# વાલિયામાં હેલ્મેટ વિતરણ કરાયા



પ્રતિક પ્રજાપતિ -વાલિયા યુથપાવર ટીમના અધ્યક્ષ રજની વસાવા, વિનય વસાવા, વિજય વસાવા, અને ટીમ મેમ્બર દ્વારા સલામતીના ભાગ રૂપે જે કુટુંબ ની કરે સંભાળ, એ નથી માનતા હેલ્મેટ ને ભાર ના સૂત્ર સાથે બિરસામુંડા ચોકડી વાલીયા ખાતે ૨૦૦ થી વધુ હેલ્મેટ બાઈક ચાલકોને વિતરણ કરી તેઓ ટ્રાફિક નિયમોનું પાલન કરે અને પોતાની સલામતી પણ રાખે એ હેતુ સર હેલ્મેટ આપી સૌને વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવા ઉપર ભાર મૂકયો હતો.-અખંડ ભારત

# સાંતલપુરના વરણોસરી ટોલબૂથ ઉપર નજીવી બાબતે ફાયરીગ કરતા અફડાતફડી



યશપાલસિંહ જાડેજા - સાંતલપુર નજીક વરણોસરી ટોલબૂથ ઉપરથી પસાર થતી એક ચાલક અને સાથે મિત્રએ ટોલબૂથ ઉપર ટોલટેક્ષની રકમ મુદ્દે માથાકૂટ કરી ઉશ્કેરાઈ જઈ એકાએક ફાયરીગ કરી દેતા ટોલબૂથ ઉપર એક તબક્કે અફડાતફડી ફેલાઈ જવા સાથે ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.જે બનેલી ફાયરીગની ઘટનામાં ટોલબૂથના કોમ્પુટર સહિત ઈન્સટ્યુમેન્ટને નુકશાન થવા પામ્યું હતુ.સદ્દનસીબે કોઈ જાનહાની થઈ નથી.પરંતુ આ મુદ્દે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બૂથના સીસીટીવી ફૂટેજ મેળવી ફાયરીગ કરનાર ઈસમોની શોધખોળ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

# ડાંગ જિલ્લામાં ધર્માંતરણ અટકાવવા માંગ

ગીસારામ ચૌધરી- ડાંગ જિલ્લાના સુધીર તાલુકામાં વસવાટ કરતા આદિવાસી સમાજના લોકોને પ્રલોભનો આપીને કેટલાક બિન અધિકૃત રીતે ધર્મ પરિવર્તન કરવામાં માટે ખ્રિસ્તી ધર્મની કેટલીક મંડળીઓ દ્વારા સેમીનાર જેવા કાર્યક્રમો સભાઓ યોજી આ સભામાં આવતા લોકોને ધર્મ પરીવર્તન કરી ધર્માંતરણ કરાવાની ચાલતી હિલચાર અટકાવવા આદિવાસી સમાજ દ્વારા લેખિતમાં મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું છે.-અખંડ ભારત

# હિંમતનરગમાં તરવૈયાઓએ શ્રધ્ધાંજલી અર્પિ



મનોજ સોની - કાશ્મીના પહલગામમાં થયેલ આતંકી હુમલામાં મૃત્યુ પામેલ પર્યટકોને ગરમીની મોસમમાં સ્વિમીગ કરી સ્નાન કરી રહેલ યુવાનોએ પણ બે મિનીટ મૌન પાડી શ્રધ્ધાંજલી અર્પિ હતી.-અખંડ ભારત

# ગીરગઢડાના ઈટવાયા નજીક કારની ગુલાંટ...



સંજય ગેડીયા - ગીર ગઢડા તાલુકાના ઈટવાયા નજીકથી પસાર થતી કાર ચાલકનો સ્ટેરીગ ઉપરનો કાબુ ગૂમાવી બેસતા કાર રોડ સાઈડની ચોકડીઓમાં જઈ ખાબકતા ગુલાંટ ખાઈ જતાં સર્જાયેલ અકસ્માતમાં કારમાં સવાર ચાલકને શરીરે ઈજા પહોચતા તાત્કાલિક ૧૦૮ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# અમરેલીના ગિરીયા નજીક ખાનગી કંપનીનું વિમાન ક્રેશ થતાં એકનું મોત



યૂસુફ જુણેજા - અમરેલી ના ગિરયા રોડ નજીક ખાનગી કંપનીનું વિમાન ક્રેશ થતાં આ દુર્ઘટનામાં એકનું મોત નિપજયું છે.જે બનોલા બનાવની જાણ થતાં સ્થાનિક પોલસ અને ફાયર ટીમ ઘટના સ્થળે પહોચી રાહત કામગીરી હાથ ધરી હતી.-અખંડ ભારત

# કાશ્મીર આતંકી ઘટના મુદ્દે વિરોધ પ્રદર્શન



ચંદ્રકાંતભાઈ સાચાદે - નખત્રાણા વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના પ્રખંડ દ્વારા આજે ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજાયું હતું. પહેલગામ, કશ્મીરમાં નિર્દોષ હિંદુઓની નરહત્યા સામે ગુસ્સેથી ભરાયેલા કાર્યકરો દ્વારા પાકિસ્તાનનાં પીઠબેરાં તત્વો અને દેશવિરોધી આતંકવાદીઓનાં પૂતળાં દહન કરવામાં આવ્યા હતા.વિશિષ્ટ ઉપસ્થિત જિલ્લા અધ્યક્ષ લક્ષ્મણસિંહ સોઢાએ આ ઘટનાને "માનવતાના નામે કલંક" ગણાવી સરકારને માંગ કરી કે જે તત્વોએ આ હત્યાકાંડ અંજામ આપ્યો છે તેમનો સડાકે ખાતમો થવો જોઈએ. તેમણે કહ્યું કે, "એક જ ધર્મના નિર્દોષ લોકોને નિશાન બનાવી હત્યા કરવી એ રક્તપિપાસુ માનસિકતાનું પ્રતિબિંબ છે. આવી ક્રૂરતા ક્યારેય સહન નહી થાય."આ ઉગ્ર વિરોધ કાર્યક્રમમાં વિભાગીય માતૃશક્તિ સંયોજિકા સોનલબેન શેઠિયા, કૃષ્ણકાંત પંડ્યા, કમલેશભાઈ રાવલ, કુલદીપભાઈ રામાણી, હિરેનભાઈ ભાનુશાલી, મગનભાઈ ચોપડા, કવિ પંખી, બજરંગ દળના યુવરાજસિંહ જાડેજા, પ્રીતેશભાઈ રૈયાણી, મેહુલભાઈ લુહાર, કલ્પેશભાઈ લુહાર તથા મોટી સંખ્યામાં સંગઠનના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

-અખંડ ભારત

# ડીસાના ભીલડીમાં પૂતળા દહનનો કાર્યક્રમ યોજાયો



હિતેન્દ્રભાઈ ઠક્કર કાશ્મીરના પહેલગામમાં થયેલ આતંકી હુમલાના વિરૂદ્ધમાં ડીસા તાલુકાના ભીલડી ગામમા સૂચક બેનરો સાથે એકત્ર થઈ આતંકવાદી ના પૂતળાનું વિશ્વ હિન્દૂ પરિષદ અને બજરંગ દળના હોદ્દેદારો,કાર્યકરો ઉપસ્થિત રહી પૂતળા દહન કરી ઉગ્ર વિરોધ નોધાવ્યો હતો.-અખંડ ભારત

# અમલાની મુવાડી ખાતે પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



કુંવરસિંહ - પ્રાંતિજ ના અમલાની મુવાડી ખાતે નિર્માણ કરવામાં આવેલ નવિન મંદિરમાં મહાકાળી માતાજીની ત્રિ-દિવસીય પ્રાણ -પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવતા જે યોજાયેલ પ્રાણ પ્રતિષ્ઠામાં વિવિધ ધાર્મિક પ્રસંગોમાં ત્રણ દિવસ સુધી સ્થાનિક સહિત આસપાસના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દેવ દર્શન અને પ્રસાદીનો લ્હાવો લઈ ધન્ય બન્યા હતા.-અખંડ ભારત

# મોતીપુરા ટુંડાવ નજીક પેવર બ્લોક ભરેલી ટ્રકની ગુલાંટ...



અનિલકુમાર ગોહીલ - સમલાયા સાવલી રોડ પર આવલ બ્રીમેક્સ પ્રા. લિમિટેડમાંથી પેવર બ્લોક ભરીને જતી ટ્રક મોતીપુરા ટુંડાવ નજીકથી પસાર થઈ રહી હતી.ત્યારે એકાએક ચાલકનો સ્ટેરીગ ઉપરનો કાબુ ગૂમાવી બેસતા ટ્રક રોડ સાઈડમાં ગુલાંટ ખાઈ જવા પામી હતી.જે ઘટેલ અક્માતની ઘટનામાં સદ્દનસીબે કોઈ જાનહાની નહી થતાં હાઈવે માર્ગ ઉપરથી પસાર થતાં વાહન ચાલકો સુળાની ઘાત સોયથી ટળી તેમ માની રાહત અનુભવી હતી.-અખંડ ભારત

# પોર આ.પો.સ્ટેના મકાનનું ખાતમુહુર્ત કરાયું



શબ્બીર રાઠોડ - પોર- રમણગામડી જીઆઈડીસી નોટીફાઈડ એસોસિયેશન ની ગ્રાન્ટમાથી સરકારે, પોર પોલીસ આઉટ પોસ્ટ ના નવીન મકાન ની મંજૂરી આપતાં આજ રોજ તા. ૨૩ એપ્રિલ ૨૦૨૫ કરજણ - શિનોર ના ધારાસભ્ય અક્ષય પટેલ અને જીલ્લા પોલીસ વડા રોહન આનંદ ના સંયુક્ત હસ્તે ખાત મુહુર્ત કરવામાં આવ્યું.નેશનલ હાઈવે નંબર ૮ અને ટ્રાફિકથી સતત ધમધમતા પોર મુકામે નવી આઉટ પોસ્ટ પોલીસ ના મકાનની તાતી જરૂરીયાત હતી. પોર- રમણ ગામડી મુકામે વિશાળ જીઆઈડીસી આવેલ છે. જી.આઈ.ડી.સી. એસોસિએશનના પ્રમુખ ચિન્ટુભાઈ ઉર્ફે દિપક પટેલ તથા મંત્રી અને સદસ્યો દ્વારા જીઆઈડીસી નોટિફાઈડ એસોસિએશનની ગ્રાન્ટ માંથી સરકારે પર પોલીસના નવીન મકાનની મંજૂરી આપતા આજરોજ ધારાસભ્ય અક્ષય પટેલ અને જિલ્લા પોલીસવાળા રોહન આનંદ દ્વારા ખાતમુહર્ત કરવામાં આવેલ છે.આ પ્રસંગે તાલુકા પંચાયત ના પ્રમુખ અંકિતા પરમાર, જીલ્લા પંચાયત ના પૂર્વ પ્રમુખ અને સભ્ય અશોક પટેલ, APMC ના ચેરમેન શૈલેષ પટેલ, જી.આઈ.ડી. સી. એસોસિયેશન પ્રમુખ ચિન્ટુ પટેલ ઉર્ફે દીપક પટેલ અને મંત્રી સહિત ના હોદ્દેદારો અને પોલીસ જવાનો હાજર રહ્યા હતા.-અખંડ ભારત

# સંતરામપુર ફાયર ફાઈટરના ટ્રકની ગુલાંટ,ત્રણને ઈજા



ઘનશ્યામભાઈ મિસ્ત્રી - દાહોદ જિલ્લાના ભાથીવાડા ખાતે નિર્માણાધીન એનપીટીસી પ્રોજેક્ટમાં આગ લાગી હોવાનો કોલ મળતા જ આસપાસના ફાયર ફાઈટરોની ટીમ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.જે દરમ્યાન સંતરામપુર ન.પા.ના ફાયર ફાઈટરના ટ્રકને માર્ગમાં કાર સાથે અકસ્માત થતાં અકસ્માત બાદ ચાલકનો સ્ટેરીગ ઉપરનો કાબુ ગૂમાવી બેસતા ટ્રક પલટી મારી જતાં ટ્રકમાં સવાર ફાયર બ્રિગેડની ટીમના ત્રણ કર્મચારીઓને આ અકસ્માતમાં શરીરે ઈજા પહોચતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# શિયાણી ગામમાં ગ્રામસભા યોજાઈ



દશરથસિંહ પરમાર - પંચાયતી રાજ દિવસ નિમિત્તે લીંબડી તાલુકાના શિયાણી ગામમાં ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું જેમાં સરપંચ દર્શનભાઈ અલગોતર, તલાટી કમમંત્રી એમ.આર. રાણા તેમજ સર્વે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# ડાંગના આહવામાં મૃતકોને શ્રધ્ધાંજલીનો અપાઈ



ગિસારામ ચૌધરી - જમ્મુ અને કાશ્મીર ના પહેલગામમાં હિન્દુ પ્રવાસીઓની ધાર્મિક ઓળખ પૂછીને તેમની કૃતક પૂર્વક હત્યા કરવામાં આવવાની ઘટના ના વિરોધ માં ડાંગ જિલ્લા આહવા ખાતે હિન્દુ સમાજ દ્વારા ભારે આક્રોસ વ્યક્ત કરવામાં આવ્યો હતો આહવા મુખ્ય માર્ગ ચાર રસ્તા પાસે મોટી સંખ્યામાં હિન્દુ સમાજના લોકો એકત્રિત થયા હતા અને આતંકવાદ વિરુદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા.આ હુમલામાં શહીદ થયેલા નિર્દોષ લોકોની આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની ઈશ્વર શક્તિ આપે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.-અખંડ ભારત

# પહેલગામ હુમલાનો વિરોધ : માણસામાં VHP-બજરંગદળે આતંકવાદી પૂતળાનું દહન કર્યું, ૨૬ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ








માણસા નગરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો વિરોધ નોંધાવ્યો છે. તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ પર્યટકોના મોત થયા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન માણસાના ઈટાદરા ચોકડી ખાતે આતંકવાદી પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. સાથે જ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા કેન્ડલ પ્રગટાવવામાં આવી હતી. કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ, આરએસએસ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના તાલુકાના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રદર્શનકારીઓએ સરકાર પાસે આતંકવાદ સામે કડક કાર્યવાહીની માંગણી કરી હતી.

## ધનસુરાના વડા ગામ ચાર રસ્તા નજીક વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા આતંકવાદીઓનું પૂતળા દહન કાર્યક્રમ યોજાયો



ધનસુરા ના વડા ગામમાં કાશ્મીર પહેલગાંવ ઈસ્લામિક આતંકીઓ દ્વારા હિન્દુ ધર્મ હત્યા ઘટના વિરુદ્ધમાં વડાગામ ચાર રસ્તા નજીક વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આતંકવાદીઓનું પૂતળા દહન કરવામાં આવ્યું હતું વંદે માતરમ ભારત માતાકી જય ના નારા સાથે.. અને પાકિસ્તાન મુર્દાબાદ... આતંકવાદ મુર્દાબાદ ના નારા લગાવવામાં આવ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ના કાર્યકર્તાઓ અને ગ્રામજનો દ્વારા પૂતળું દહન કાર્યક્રમ યોજાયો હતો ત્યારબાદ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી

## આતંકવાદના વિરોધમાં ભિલોડા આજે બંધ પાળશે

ભારત દેશના હાર્દસમા જમ્મુ કાશ્મીર રાજયના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનાર... નિર્દોષ હિન્દુઓને અંતઃકરણપુર્વક ભાવભીનું શ્રદ્ધાંજલી આપવાના ભાગ રૂપે ભિલોડામાં તમામ દુકાનો તા. ૨૫મી એપ્રિલના રોજ શુક્રવારે માર્કેટ સ્વયંભુ બંધ રાખવા આગ્રહ કરવામાં આવે છે. ભગવાન સદગત આત્માઓ ને ચિર શાંતિ અર્પે અને એમના પરિવારજનો ને અણધાર્યા દુઃખને સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના...

ભિલોડા વેપારી એસોસિએશન પ્રમુખશ્રી મુકેશકુમાર પ્રમોદભાઈ ત્રિવેદી ,જન્મો સમિતિ ભિલોડા, વિશ્વ હિન્દુ પરિષદ ભિલોડા, બજરંગ દળ ભિલોડા, ભારતીય વિકાસ પરિષદ ભિલોડા, ગૌરક્ષા સમિતિ ભિલોડા, ઉદય સેવા સંસ્થા ભિલોડા, જાયન્ટસ પીપલ ફાઉન્ડેશન ભિલોડા, ભિલોડા ના સમસ્તગ્રામજનો... અખંડ ભારત

## હેમચંદ્રાચાર્ય યુનિ.ની કોલેજોએ સરકારી પોર્ટલ પર માહિતી ન મૂકતા સૈદ્ધાંતિક મંજૂરી અટવાઈ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી ૭૧૦ કોલેજોમાંથી ૨૭૨ કોલેજોએ સરકારના ઉદયમ કોજેન્ટ પોર્ટલ પર માહિતી અપલોડ કરી નથી. આ કારણે તેમની સૈદ્ધાંતિક મંજૂરી અટકી પડી છે. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.સી. પોરિયાએ જણાવ્યું કે વારંવાર સૂચના આપવા છતાં કોલેજો માહિતી અપલોડ કરતી નથી. જો આ કોલેજો માહિતી અપલોડ નહીં કરે તો આવનારા નવા શૈક્ષણિક સત્રથી પ્રવેશ પ્રક્રિયા અટકી શકે છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને માહિતી અપલોડ કરવા સ્પષ્ટ સૂચના આપી છે. જે કોલેજોએ માહિતી અપલોડ કરી છે, તેમની ચકાસણી બાદ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. કુલપતિએ વધુમાં જણાવ્યું કે જે કોલેજોની સૈદ્ધાંતિક મંજૂરી મળશે, તેમની યાદી જીકાસ પોર્ટલ પર મૂકવામાં આવશે. માત્ર આ પોર્ટલ પર સૂચિબદ્ધ કોલેજો જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે.

આ ઉપરાંત નર્સિંગ કોલેજોને પણ ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ ની માન્યતા મેળવેલી નહીં હોય તો તેમને જીકાસ પોર્ટલ પર ન લેવાની સૂચના સરકાર તરફથી મળશે તો યુનિવર્સિટી તે મુજબની કાર્યવાહી પણ કરશે નંર્સિંગ કોલેજની પ્રવેશની પ્રક્રિયા એસીપીસી દ્વારા કરવામાં આવતી હોય છે.

## ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૨.૮ ડિગ્રી સુધી પહોંચ્યો

ગાંધીનગરમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. છેલ્લા બે દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨.૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન ૪૨.૮ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજયમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂરી થયા બાદ હવે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમના ગરમ પવનો ફૂંકાવાનું શરૂ થયું છે.આગામી ત્રણ દિવસમાં ગરમીનો પારો વધુ ઉંચકાય તેવી આગાહી કરવામાં આવી છે. ગુરુવારે સવારે શહેરનું તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું છે. બપોર સુધીમાં



તે ૪૧ ડિગ્રીને પાર કરી શકે છે. બુધવારે શહેરમાં લઘુત્તમ તાપમાન ૨૨.૮ ડિગ્રી રહ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૪૧ ટકા અને સાંજે ૧૪ ટકા નોંધાયું હતું. બપોરના સમયે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવી તીવ્ર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. નગરજનો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

## પાટણમાં શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા:૭૭૧માંથી ૭૪૭ ઉમેદવારોના દસ્તાવેજોનું વેરિફિકેશન પૂર્ણ

પાટણ જિલ્લામાં શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા અંતર્ગત દસ્તાવેજ ચકાસણીની કામગીરી પૂર્ણ થઈ છે. આ પ્રક્રિયામાં બિન સરકારી અનુદાનિત અને સરકારી શાળાઓ માટે કુલ ૭૭૧ ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા. બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળાઓ માટે ૫૧૦ ઉમેદવારોમાંથી ૪૯૪ હાજર રહ્યા હતા. સરકારી શાળાઓ માટે ૨૬૧ ઉમેદવારોમાંથી ૨૫૩ હાજર રહ્યા હતા.પાટણની આનંદ પ્રકાશ માધ્યમિક શાળામાં યોજાયેલી આ પ્રક્રિયામાં બેઠકો કરતા ત્રણ ગણા વધુ ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા. બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ૧૯૯માંથી ૧૯૨ અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ૧૦૭માંથી ૧૦૨ ઉમેદવારો હાજર રહ્યા હતા.૧૬થી ૧૯ એપ્રિલ દરમિયાન બિન સરકારી માધ્યમિક વિભાગ માટે ૩૧૧માંથી ૩૦૨ અને સરકારી માધ્યમિક શાળાઓ માટે ૧૫૪માંથી ૧૫૧ ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણી કરવામાં આવી હતી.

## સમી નજીક ત્રિપલ અકસ્માત:ટ્રકે ટક્કર મારતાં ઇકો પંકચર થયેલા પીકઅપને અથડાઇ, બે ગંભીર, ત્રણને સામાન્ય ઈજા

પાટણ જિલ્લાના સમી તાલુકાના વરાણા ગામના બસ સ્ટેન્ડ નજીક નાના પુલ પર ત્રિપલ અકસ્માત સર્જાયો છે. એક પંકચર થયેલું પીકઅપ ડાલું રસ્તા પર ઊભું હતું. તે દરમિયાન પાછળથી આવતી એસટી બસે સામેના વાહનને માર્ગ આપવા ધીમી ગતિ કરી હતી.ચૌલક્રિયા પ્રસંગે ઝીઝુવાડા જતા પરિવારની ઈકો ગાડીએ પણ ગતી ધીમી કરી હતી. આ સમયે પાછળથી આવેલી ટ્રકે ઈકોને ટક્કર મારતાં, ઈકો ગાડી એસટી બસ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં ઈકો ગાડીમાં સવાર



પાંચ લોકોમાંથી ત્રણને સામાન્ય ઈજાઓ થઈ હતી. વિમળાબા ચંદુભાને માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને પાટણ ખસેડવામાં આવ્યા છે. હવુબા અજિતસિંહને ગુપ્ત ભાગે ગંભીર ઈજા થતાં રાધનપુરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો એકત્ર થયા હતા અને થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો. ઈકો ચાલક પનુભા વિસુભા વાઘેલાએ સમી પોલીસ મથકે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જય અંબે સ્કૂલ દ્વારા કેરીના રસનું વિતરણ કરાયું




પ્રતિક પ્રજાપતિ - નેત્રંગની જય અંબે લીટલા સ્કૂલના સ્ટાફ પરિવારના માર્ગદર્શન હેઠળ શાળાના બાળકો દ્વારા રાહદારીઓને ગરમીની મોસમમાં કેરીના રસનું વિતરણ કરી શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજીક જાગૃતિ કૌશલ્ય વિકસાવાનો પ્રયત્ન કરાયો હતો.જેને સૌ કોઈએ સરાહનીય લેખાવ્યો હતો.-અખંડ ભારત

## કલોલ નગરપાલિકાની બેદરકારી:ડમ્પિંગ સાઈટ પર લગાવાતી આગથી પ્રતાપપુરા સહિત આજુબાજુના ગામો પ્રદૂષણથી ત્રસ્ત



કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામ નજીક આવેલી નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ સ્થાનિક રહીશો માટે મોટી સમસ્યા બની છે. નગરપાલિકા દ્વારા વેસ્ટ કચરાને પ્રોસેસ કરવાને બદલે તેમાં વારંવાર આગ લગાડવામાં આવે છે.આ આગના કારણે નીકળતા ધુમાડાથી આજુબાજુના ગામના લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. દુર્ગંધની સમસ્યા પણ સર્જાય છે. રાત્રિના સમયે ધુમાડાના કારણે રસ્તા પર વાહન ચલાવવું મુશ્કેલ બને છે, જેનાથી અકસ્માતનું જોખમ વધી જાય છે.જિલ્લા કલેક્ટરે આ ડમ્પિંગ સાઈટને હટાવવાનો આદેશ આપ્યો છે, પરંતુ નગરપાલિકાનું તંત્ર આ આદેશનું પાલન કરતું નથી. સ્થાનિક રહીશોએ પર્યાવરણ વિભાગ અને આરોગ્ય વિભાગમાં પણ રજૂઆત કરી છે.પૂર્વ સરપંચ કાનજીભાઈ પટેલ અને રાકેશભાઈ પટેલ સહિતના સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી આ સમસ્યા ચાલી રહી છે. કોન્ટ્રાક્ટરના માણસો દ્વારા કચરામાં આગ લગાડવામાં આવે છે અને ગામના લોકો પર ખોટા આક્ષેપો કરવામાં આવે છે.આ ગંભીર સમસ્યાનો ઉકેલ ક્યારે આવશે તે અંગે સ્થાનિકોએ પ્રશ્ન ઉઠાવ્યા છે.

## ધનસુરાના કોલીખડ -કીડી માર્ગનું મરામત કરવા માંગ



રોનક પંડ્યા - અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના કોલીખડ -કીડી માર્ગની દુર્દશા થતાં આ માર્ગ ઉપરથી પસાર થતા વાહન ચાલકો પારાવાર યાતનાનો સામનો કરી રહ્યા હોઈ તાકીદે આ માર્ગનું મરામત કરવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનો અને વાહન ચાલકો ની માંગ ઉઠી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ઉપરોક્ત તાલુકાના ઉપરોક્ત માર્ગ ઉપર ઠેર ઠેર મસમોટા ખાડા,વેરણ -છેરણ મેટલ અને ઉપસી આવેલ કપચીના કારણે વાહનો પટકાવાના,સ્લીપ થવાના અને અકસ્માતનો ભય સતાવી રહ્યો હોઈ વિકસીત ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારના માર્ગોનું નવિનીકરણ ક્યારે થશે તેવો સવાલ સ્થાનિક પ્રજાજનો અને વાહન ચાલકોમાં ઉદ્દભવ્યો છે.-અખંડ ભારત

## અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા છાશ વિતરણ કરાઈ



ઉનાળાની કાળઝાળ ગરમીમાં શક્તિપીઠ આદ્યશક્તિ જગતજનની જગદંબાના દર્શનાર્થે આવતા ભાવિક ભક્તોને ગરમીમાં રાહત મળે તે હેતુથી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ઠંડી છાશનું વિતરણ કરવામાં આવતા સૌ ભાવિક ભક્તોએ ઠંડી છાશનું સેવન કરી રાહત અનુભવી હતી.-અખંડ ભારત

# દીકરીના મૃત્યુ માટે મૌસમી ચેટર્જી પ્રાર્થના કરતાં હતાં!:કહ્યું- એને ભૂલ કરી અને તેનું પરિણામ ભોગવ્યું, ગુસ્સામાં તે છેલ્લી વાર મળવા પણ નહોતાં ગયાં







૭૦ના દાયકાની ફેમસ એક્ટ્રેસ મૌસમી ચેટર્જીનું જીવન ત્યારે વિવાદમાં આવ્યું જ્યારે તેમના જમાઈએ કહ્યું કે- તેઓ તેમની પુત્રીને છેલ્લી વખત જોવા પણ નહોતાં આવ્યાં. લાંબા સમય સુધી રાહ જોયા પછી, પાયલના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યાં. હવે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં મૌસમી ચેટર્જીએ જણાવ્યું છે કે- એક સમયે તેઓ તેની પુત્રીના મૃત્યુ માટે પ્રાર્થના કરી રહ્યાં હતાં.તાજેતરના ઈન્ટરવ્યૂમાં મૌસમીએ કહ્યું કે- પાયલે (તેની દીકરી) ભૂલ કરી હતી અને તેને તેનું પરિણામ ભોગવવું પડ્યું. આના કારણે અમારા આખા પરિવારને ખૂબ જ તકલીફ પડી. તે ૨૦૧૭માં કોમામાં જતી રહી હતી. તે સમયાંતરે કોમામાંથી બહાર આવતી રહી. પણ અમને શરતો વિના તેને મળવાની મંજૂરી પણ નહોતી. અમારે પોલીસ અને કોર્ટના ચક્કર કાપવા પડ્યા. પાયલ આ જીવનમાંથી છૂટકારો મેળવા માંગતી હતી, એટલા માટે મારે ભગવાનને તેના મૃત્યુ માટે પ્રાર્થના કરવી પડતી હતી. હું તેને પીડામાં જોઈ શકતી ન હતી. એક દિવસ આપણે આપણું શરીર છોડવું જ પડે છે. તો પીડા સહન કરવાનો શું અર્થ છે? જો તમે મારા આત્માને પ્રેમ કરતા હશો, તો તમે એવું ઈચ્છશો કે હું આ તકલીફમાંથી છૂટકારો મેળવું.જમાઈએ લગાવ્યા હતા ગંભીર આરોપ, મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો મૌસમી ચેટર્જીની મોટી પુત્રી પાયલના લગ્ન બિઝનેસમેન ડિકી સિંહા સાથે થયા હતા. મૌસુમી ચેટર્જી અને ડિકીનો પરિવાર બિઝનેસ પાર્ટનર હતા. થોડા સમય પછી, બિઝનેસમાં મતભેદો ઊભા થવાના કારણે, બંને પરિવારો વચ્ચે અંતર વધવા લાગ્યું. આ સમયે મૌસમી ચેટર્જીની પુત્રી પાયલ કોમામાં જતી રહી. ૨૦૧૮માં, તેમની પુત્રીની સારવાર દરમિયાન, મૌસમી ચેટર્જીએ તેમના જમાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેઓ ન તો તેમની સંભાળ રાખી રહ્યા હતા અને ન તો તેમની સારવારનો ખર્ચ ઉઠાવી રહ્યા હતા.

## માતા કિમ ફર્નાન્ડિસ ફરી આપણી દીકરીનાં રૂપમાં જન્મ લેશે:ઠગ સુકેશે ફરી જેકલીનને પત્ર લખ્યો


૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં જેલમાં બંધ સુકેશ ચંદ્રશેખર જેકલીન ફર્નાન્ડિસને અવારનવાર લવલેટર લખતો હોય છે. આ વખતે તેણે એક્ટ્રેસને એક ઈમોશનલ લેટર લખ્યો છે, જે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. ૬ એપ્રિલના રોજ, જેકલીનની માતા કિમ ફર્નાન્ડિસનું હાર્ટ એટેકથી અવસાન થયું હતું. આ માટે સુકેશે જેકલીનને એક પત્ર લખી સાંતવના પાઠવી છે અને એક 'ખાસ ગિફ્ટ' વિશે વાત કરીબાલીમાં 'કિમ્સ ગાર્ડન' બનાવ્યું સુકેશે લખ્યું કે- તેણે બાલીમાં એક પ્રાઈવેટ ગાર્ડન બનાવ્યું છે, જેમાં કિમના (જેકલીનની માતા) ફેવરિટ લીલી અને ટ્યૂલિપ ફૂલો ઉગાવ્યા છે. આ ગાર્ડનનું નામ 'કિમ્સ ગાર્ડન બાય જેકલીન ફર્નાન્ડીઝ' રાખવામાં આવ્યું છે . તેણે તેને 'ઈસ્ટર ગિફ્ટ' ગણાવી અને



લખ્યું - હું તને ઈસ્ટર ગિફ્ટ તરીકે આ બગીચો ભેટ આપી રહ્યો છું... આ મુશ્કેલ સમયમાં હું તારી સાથે છું.'માતા ફરી આપણી દીકરીનાં રૂપમાં જન્મ લેશે' આગળ સુકેશે દાવો કર્યો હતો કે- તેણે વેટિકન ચર્ચમાં એક ખાસ ઈસ્ટર માસનું આયોજન કર્યું હતું કારણ કે કિમને તે ચર્ચ ખૂબ જ પ્રિય હતી. આ ઉપરાંત લખ્યું હતું - 'માતા ફરી આપણી દીકરીનાં રૂપમાં જન્મ લેશે.' તે આપણી સાથે છે, આપણી અંદર છે અને આપણી આસપાસ છે. મને ખબર છે કે તને દુઃખ થતું હશે પરંતુ મારી જાન, હું તારા કરતાં વધારે દુઃખમાં છું.'સુકેશનું આ પ્રકારે પત્રો લખવું એ કોઈ નવી વાત નથી. જેલમાં હોવા છતાં, તે ઘણીવાર જેકલીનને પત્રો લખીને હેડલાઈન્સ મેળવવાનો પ્રયાસ કરે છે. હવે, જેકલીન તેના જીવનમાં આગળ વધી ગઈ છે અને તે તેના પ્રોફેશનલ જીવન પર ફોક્સ કરી રહી છે.સુકેશ ચંદ્રશેખર છેલ્લા કેટલાક સમયથી જેલમાં છે. તેમના પર ૨૦૦ કરોડની છેતરપિંડીનો આરોપ છે. તપાસમાં જાણવા મળ્યું કે સુકેશ ચંદ્રશેખર અને જેકલીન ફર્નાન્ડિસ રિલેશનશિપમાં હતાં. જ્યારે તેઓ રિલેશનશિપમાં હતાં ત્યારે સુકેશે જેકલીનને ઘણી કિંમતી ગિફટ આપી હતી. મની લોન્ડરિંગ કેસમાં જેકલીનને પણ તપાસ હેઠળ લેવામાં આવી હતી. જેકલીન સિવાય સુકેશે નોરા ફતેહીને ઘણી ગિફટસ પણ આપી હતી. ED દ્વારા તેમની પૂછપરછ પણ કરવામાં આવી હતી.

## સિદ્ધાર્થ મલ્હોત્રાની ફાધર ઓન ડયૂટીઃ મોમ ટુ બી કિયારાના ફોટો પાડતાં પાપારાઝીને ખખડાવી નાખ્યો, કહ્યું- 'બોસ લિમિટમાં રહેજો...

સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી ટૂંક સમયમાં માતા-પિતા બનવાના છે. બંને આ ખાસ પળનો આનંદ માણી રહ્યા છે અને તેમના આવનારા બાળકની રાહ જોઈ રહ્યા છે. દરમિયાન, ગઈકાલે સાંજે આ સ્ટાર કપલ મુંબઈના એક ક્લિનિકની બહાર સ્પોટ થયું હતું. કિયારા પિંક શર્ટ અને વ્હાઈટ પેન્ટમાં બેબી બમ્પને ફલોન્ટ કરતી જોવા મળી હતી. જ્યારે સિદ્ધાર્થ લોન્ગ વ્હાઈટ ટી-શર્ટમાં જોવા મળ્યો હતો. આ દરમિયાન સિદ્ધાર્થની 'ફાધર ઓન ડયૂટી'ની ઝલક દેખાય. તેણે એક્ટ્રેસનાં ફોટો ક્લિક પાપારાઝીઓને ખખડાવી નાખ્યાં હતાં. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.એક વીડિયો સામે આવ્યો છે જેમાં સિદ્ધાર્થ મલ્હોત્રા કાર પાસે હાજર પાપારાઝીને ખીજાઈ રહ્યો છે. એક્ટર ગુસ્સામાં બધાને પાછળ હટવા અને 'મોમ-



ટુ-બી' કિયારાના ફોટો ના પાડવાનું કહી રહ્યો છે. આ વીડિયો કપલ ક્લિનિકમાં ચેક-અપ કરાવા ગયું હોય છે તે સમયનો છે. જ્યારે ક્લિનિકમાંથી બહાર નીકળીને સિદ્ધાર્થ અને કિયારા તેમની કારમાં પાછા બેસતાં હોય છે, આ સમયે પાપારાઝીનો ઢગલો થઈ જાય છે અને તે ફોટા લેવાનું શરૂ કરી દે છે. એક્ટ્રેસ આગળની સીટ પર બેઠી હતી. આ સમય દરમિયાન પાપારાઝી એક્ટ્રેસના ચહેરાને કેદ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ જોતાં જ સિદ્ધાર્થ ગુસ્સે થાય છે અને બધાને ખખડાવી નાખે છે. સિદ્ધાર્થ ભાગ્યે જ આટલો ગુસ્સે જોવા મળે છે. આ વખતે તેના ગુસ્સાનો ભોગ પાપારાઝી બન્યા.'એકદમ બરાબર કર્યું' વીડિયોમાં એક્ટર કહી રહ્યો છે કે- 'ગો બેક... બોસ તમે તમારી લિમિટમાં રહેજો.' આ ઘટના બાદ ફેન્સ પણ કપલને સપોર્ટ કરતા જોવા મળી રહ્યો છે. યુઝર્સ કોમેન્ટ કરીને કહી રહ્યા છે કે- એક્ટરે એકદમ બરાબર કર્યું છે. એક યુઝરે લખ્યું- સિદ્ધાર્થે બિલકુલ સાચું કર્યું. બીજા યુઝરે લખ્યું - યાર કોઈની પ્રાઈવસીમાં દખલ ન કરો. અન્ય યુઝરે લખ્યું- મીડિયાએ આ રીતે મર્યાદા ન ઓળંગવી જોઈએ.કિયારા-સિદ્ધાર્થનાં લગ્ન ૨૦૨૩માં થયાં હતાં કિયારા-સિદ્ધાર્થની પહેલીવાર ૨૦૨૧માં આવેલી ફિલ્મ 'શેરશાહ'ના સેટ પર મળ્યાં હતાં. સિદ્ધાર્થે પરમવીર ચક્ર સ્વર્ગસ્થ કેપ્ટન વિક્રમ બત્રાની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં કિયારાએ તેની ગર્લફ્રેન્ડ ડિમ્પલની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન બંને એકબીજાની નજીક આવ્યાં અને પછી તેઓ ડેટિંગ કરવા લાગ્યાં. ૭ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ કિયારા-સિદ્ધાર્થએ જેસલમેરના સૂર્યગઢ પેલેસમાં લગ્ન કર્યાં હતાં. કપલે પરિવારના સભ્યો અને નજીકના મિત્રોની હાજરીમાં લગ્ન કર્યાં હતા. લગ્નનાં અઢી વર્ષ બાદ કપલે ગુડ ન્યૂઝ શેર કર્યાં હતાં.

## દિયોદરમાં આતંકવાદના વિરોધમાં પૂતળાં દહન કરાયું



કલ્પેશ બારોટ - જમ્મુ કાશ્મીરમાં પહેલગામમાં આંતકવાદ ઓ દ્વારા હુમલો કરવામાં આવતા ૨૮ જેટલા નિર્દોષો લોકો મોતને ભેટ્યા છે ત્યારે સમગ્ર દેશમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે જેમાં બનાસકાંઠા જિલ્લા પણ આતંકવાદી ના પૂતળાં દહન કરવામાં આવી છે જ્યાં દિયોદર હાઈવે વિસ્તાર પર હિન્દુ સંગઠન દ્વારા આંતકવાદ વિરુધ નારા લગાવી પૂતળાં દહન કરવામાં આવ્યા હતા અને આરોપી ને કડક સજા ભારત સરકાર દ્વારા આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.-અખંડ ભારત

## હિંમતનગર ખાતે જ્ઞાનેશ્વર મહાદેવ મંદિરનો ૧૧ મો પાટોત્સવ યોજાયો

ચૌહાણ તેજલબેન- કેળવણીની સંસ્કાર સરિતા વિદ્યાનગરી, હિંમતનગર ખાતે આવેલ જ્ઞાનેશ્વર મહાદેવ મંદિરનો ૧૧ મો પાટોત્સવ શિક્ષણવિદ, વિદ્યાનગરીના સંસ્થાપક મા. ડૉ. ડી.એલ. પટેલ ના માર્ગદર્શન અને પ્રેરણાથી પ્રો. ડૉ.અરવિંદભાઈ એસ. પટેલના યજમાન પદે સંપન્ન થયો. જેમાં શાસ્ત્રોક્ત વિધિથી વિવિધ દેવી દેવતાઓ સાથે ભગવાન જ્ઞાનેશ્વર મહાદેવના પૂજન અર્ચન સાથેનો પાટોત્સવ યોજાયો. જેમાં લઘુ રુદ્ર સાથે યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાનગરી ના વિવિધ સંસ્થાઓના આચાર્યો મંદિરના પાટોત્સવ ના ભૂતપૂર્વ અને આવનારા વર્ષોના



દાતાશ્રીઓ, તમામ કર્મચારીઓ અને યજમાન શ્રી ના સૌ સ્નેહી મિત્રો અને ધર્મપ્રેમી ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન અને પ્રસાદીનો લ્હાવો લીધો હતો.- અખંડ ભારત

## લુણાવાડામાં એનિમલ વેક્સિન વાનનું લોકાર્પણ કરાયું



સોનલબેન ડામોર - મહીસાગર જિલ્લામાં જિલ્લા પશુપાલન વિભાગને લીલી ઝંડી આપી સુપ્રત કરેલ આ વેક્સિન વાન વિશે શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર જણાવ્યુ હતું કે આ વેકસીન વાન દ્વારા મહીસાગર જિલ્લાના ૬ તાલુકા ના અંદાજીત ૭ લાખ પશુઓને વિવિધ પ્રકારની બીમારી સામે રક્ષણ આપવા ઈમ્યુનાઈઝેશન દ્વારા જીવલેણ બીમારીઓ સામે રક્ષણ પૂરું પાડવામાં આવશે. તથા આકસ્મિક રોગચાળા સમયે પશુઓને તાત્કાલિક રસીકરણ અને સારવાર આપવા માટે પણ આવશ્યક સંજોગો કામગીરી લઈ શકાશે.આ વેકસીન વાન દ્વારા આકસ્મિક ડિઝાસ્ટર લાગત કામગીરીમાં પશુઓને જીવન દાન મળશે, આ વેકસીન વાન દ્વારા પશુપાલકોના મોંઘા પશુઓને જીવનદાન આપી બીમારી સામે બચાવી અને પશુપાલકોને આર્થીક નુકશાનીથી બચાવી શકાશે.-અખંડ ભારત

## ગાબટમાં કેન્ડલ માર્ચ યોજાઈ



સુથાર વિજય કુમાર - કાશ્મીરમાં થયેલ આતંકવાદી ઘટનાને દેશવાસીઓ સખ્ત શબ્દોમાં વખોડી કાઢી છે.આજે ગાબટમાં સ્થાનિક યુવાનો દ્વારા કેન્ડલ માર્ચ યોજી આતંકી ઘટનામાં મોતને ભેટેલ તમામ મૃતકોને શ્રધ્ધાંજલી અર્પિ હતી.-અખંડ ભારત

## પિપલોદમાં રેલી યોજાઈ



વિપુલ બારીયા - જમ્મુ કાશ્મીરમાં આતંકી હુમલા બાદ સમગ્ર દેશભરમાં ઉગ્ર આક્રોશ અને વિરોધની આંધી ઉઠી છે.ત્યારે પીપલોદ સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા નગરમાં રેલી કાઢી સ્થાનિક પોલીસને આવેદનપત્ર સુપ્રત કરી બે મિનિટ મૌન પાડી મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.: અખંડ ભારત

## મોણપુર ગામે ભોજનાલયનો પ્રારંભ કરાયો



કાળુભાઈ ધનજીભાઈ - મોણપુર ગામે ટિફિન સેવા -અન્નપૂર્ણા ભોજનાલય નો ગામના મુકબધિર (પ્રભુજી) બાળકોના હસ્તે ટિફિન સેવા નું ઉદઘાટન કરવામાં આવ્યું અને તેનું આયોજક કમિટી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# અંબાજીમાં ખાટુ શ્યામનો ભવ્ય દરબાર:નિશાનયાત્રા અને ભજન સંધ્યામાં દેશભરના કલાકારોએ ભક્તિમય માહોલ સર્જ્યો

અંબાજી ખાતે બુધવારે બાબા શ્રી ખાટુ શ્યામનો વાર્ષિક મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. મૈત્રી અંબે ગાર્ડનમાં આ અલૌકિક દરબારની શરૂઆત થઈ. અંબાજી મંદિરના શક્તિ દ્વારથી નિશાન યાત્રા નીકળી હતી.દેશભરમાંથી આવેલા ભજન કલાકારોએ ભક્તિમય વાતાવરણ સર્જ્યું. કોલકતાથી પૂજા નથાની, સુરતથી મુકેશ દાધીચ અને મધ્યપ્રદેશથી દિપાલી યાદવે ભજનોની રમઝટ બોલાવી. ભોપાલના કલાકારોએ બાબાનો મંડપ ફૂલોથી



શણગાર્યો.કાર્યક્રમમાં વિવિધ આકર્ષણો રાખવામાં આવ્યા હતા. ઈત્ર વર્ષા, ભવ્ય દરબાર, છપ્પન ભોગ અને પુષ્પ વર્ષાનું આયોજન કરવામાં આવ્યું. રાજસ્થાનના જયપુર નજીક આવેલા ખાટુ શ્યામ ધામના દર્શન માટે દેશભરમાંથી ભક્તો આવે છે. ઘણા ભક્તો અગિયારસ પણ ભરે છે.વહેલી સવારથી મોટી સંખ્યામાં શ્યામપ્રેમીઓએ પરિવાર સાથે હાજરી આપી. તમામ ભક્તો માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. અલૌકિક શૃંગાર સજાવેલા બાબાના દરબારમાં ભક્તોએ ભજન-કીર્તન કરી ધન્યતા અનુભવી.

# જાફરાબાદથી ૯૦ કિમી દૂર હૃદયરોગનો હુમલો, કોસ્ટગાર્ડે સમયસર બચાવ્યો

જાફરાબાદના દરિયામાં ૯૦ કિલોમીટર દૂર માછીમારી કરી રહેલા માછીમારનો કોસ્ટગાર્ડે સફળ બચાવ કર્યો છે. કુલદેવી નામની બોટ (IND-GJ-14-MM-1649) પર માછીમારી કરી રહેલા કાલુ દેવા બારૈયાને અચાનક છાતીમાં તીવ્ર દુખાવો શરૂ થયો હતો.બોટના ટંડેલે તાત્કાલિક જાફરાબાદ માછીમાર એસોસિએશનને જાણ કરી. એસોસિએશને કોસ્ટગાર્ડની મદદ



માંગી. કોસ્ટગાર્ડનું જહાજ સી-૪૧૯ તુરંત ઘટનાસ્થળે પહોંચ્યું હતું.કોસ્ટગાર્ડે માછીમારને બોટમાંથી રેસ્ક્યૂ કરી પોતાના જહાજમાં પ્રાથમિક સારવાર આપી. ત્યાર બાદ વધુ સારવાર માટે તેમને પીપાવાવ બંદર લાવવામાં આવ્યા. જાફરાબાદ બોટ એસોસિએશનના હોદ્દેદારોની હાજરીમાં માછીમારને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. હાલ તેમની સ્થિતિ સ્થિર છે.કોસ્ટગાર્ડની સમયસર કાર્યવાહીથી માછીમારનો જીવ બચી ગયો છે. કોસ્ટગાર્ડ માટે 'વયમ રક્ષામી'નો મંત્ર માત્ર સૂત્ર નહીં, પરંતુ કાર્યપદ્ધતિ બની રહ્યો છે. ભારતીય તટરક્ષક દળ સતત માછીમારોની સુરક્ષા માટે કાર્યરત રહે છે.

# વિજાપુર બાર એસોસિએશને ૨૬ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી, ઘટનાની કરી નિંદા

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ઘટનાને વિજાપુર બાર એસોસિએશને વખોડી કાઢી છે. આ હુમલામાં ૨૬ ભારતીય અને બે વિદેશી નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા. વિજાપુર કોર્ટના બાર હોલ ખાતે વકીલ મંડળ અને કોર્ટના કર્મચારીઓએ પ્રાર્થના સભા યોજી હતી. તેમણે મૃતકોની આત્માની શાંતિ માટે મૌન ધારણ કર્યું હતું.વકીલ મંડળના પ્રમુખ કૃણાલ પી. બારોટે જણાવ્યું કે, પાડોશી દેશના આતંકવાદીઓએ દેશમાં ઘૂસીને આ હુમલો કર્યો હતો. મૃતકોમાં ગુજરાતના ત્રણ નાગરિકો અને બે વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. બારોટે વધુમાં જણાવ્યું કે આ હુમલો માત્ર નાગરિકો પર જ નહીં, પરંતુ દેશની અસ્મિતા અને બંધારણ પર પણ હુમલો છે. વકીલ મંડળના સભ્યો અને કર્મચારીઓએ આ કાયરતાપૂર્ણ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી હતી.

# રાજપીપળામાં માર્ગ સલામતી અભિયાન



નર્મદા જિલ્લામાં માર્ગ સલામતી અને અકસ્માત નિવારણ માટે મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. રાજપીપળાની APMC ખાતે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.નાંદોદના પ્રાંત અધિકારી ડો. કિશનદાન ગઢવીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ટ્રેક્ટર ટ્રેલર અને ટ્રક જેવા વાહનોમાં રેડિયમ પટ્ટી (રિફલેક્ટર) લગાવવામાં આવી હતી. વાહનચાલકોને ટ્રાફિક નિયમોની માહિતી આપતા પેમ્પલેટસ પણ વિતરિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં APMCના ચેરમેન દિનેશભાઈ પટેલ અને સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી નિમિષાબેન પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. APMCના અન્ય હોદ્દેદારો અને ARTO કચેરીના વાહન નિરીક્ષકો પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

# કચ્છના પ્રવેશદ્વારે સુરક્ષા વ્યવસ્થા વધારાઈ: પહેલગામ હુમલા બાદ આડેસર હાઈવે પર વાહનોની સઘન તપાસ



પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે. આ અંતર્ગત કચ્છ જિલ્લામાં પણ સુરક્ષાના કડક પગલાં લેવામાં આવ્યા છે. બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાપર તાલુકા અને ખડીર વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ૨૪ કલાક પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.કચ્છના મુખ્ય પ્રવેશદ્વાર આડેસર ખાતે વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. અહીંથી રાજસ્થાન, દિલ્હી, પંજાબ સહિત ૧૬ રાજ્યોના વાહનોની અવરજવર થાય છે. આંતર રાજ્ય અને આંતર જિલ્લાની એસટી બસ તથા લક્ઝરી બસોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.કંડલા, મુંદ્રા, લખપત, ગાંધીધામ અને ભુજ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં જતા માલવાહક વાહનોની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે. આડેસર પોલીસ મથક હેઠળના મોમાયમોરા, વરણુ, વાછળા, દાદારણ, મેઢક રણ અને અન્ય રણ વિસ્તારમાં પણ સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે. કોઈપણ શંકાસ્પદ વાહન કે પ્રવૃત્તિ પર ખાસ નજર રાખવામાં આવી રહી છે.

# અમદાવાદ રીગ રોડ ઉપર કારની ગુલાંટ...



ચૌધરી શ્રધ્ધાબેન - અમદાવાદ ૧૦૮ રીગ રોડ ઉપર થી પસાર થતી કાર ચાલકનો સ્ટેરીગ ઉપરનો કાબુ ગુમાવી બેસતા કાર રોડ સાઈડમાં પલટી મારી ગુલાંટ ખાઈ જતાં સ્થાનિકો રાહત કામગીરી માટે દોડી આવ્યા હતા.સદનસીબે કોઈ જાનહાની નહી થતાં સ્થાનિકો રાહતનો શ્વાસ લીધો હતો.-અખંડ ભારત

# જૂનાગઢમાં બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો



કિશન બહેચા -જુનાગઢ એ ડિવીઝન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ઢાલ રોડ, ઘાંચીની કમાન, પહેલી ગલી ખાતે ફરીદ ફેસલ નુરએહમદ બખોલ ની થેયલ બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા પોલીસે તપાસ હાથ ધરતા લીમડા ચોક નજીકથી ચોરીના બાઈક સાથે ફરીદ ઉર્ફે વાછડો ફારૂકશા બાનવા (ઉ.વ. ૨૫), મજૂર કામ કરે છે અને જુનાગઢના ઝાલોરાપા વિસ્તારમાં જૂની તાર ઓફિસ પાસેથી અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જુનાગઢ દ્વારા આવેદન પત્ર અપાયું

કિશન બહેચા - જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલી હૃદયવિદારક ઘટના સામે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા ઘોર વાંધો અને ગંભીર વિરોધ વ્યક્ત કરવામાં આવે છે. અને જુનાગઢ કલેક્ટર ને આવેદન પત્ર પણ આપવામાં આવ્યું છે.આતંકવાદીઓએ હિંદુ યાત્રીઓને નિશાન બનાવી, તેમનું નામ પુછીને માત્ર ધાર્મિક ઓળખના આધારે હત્યા કરી નાખવી એ ભારતની એકતા અને હિંદુ ધરોહર ઉપર સીધો હુમલો છે.



આ ઘટનાએ હિંદુ સમાજની આત્માને ઝંઝોડી નાખી છે અને દેશના સમગ્ર રાષ્ટ્રવાદી જનમાનસમાં ગુસ્સો ફાટી નીકળ્યો છે.આ એક દુઃખદ ઘટના નથી આ તો ભારતના હિંદુ સમાજની શાંતિ, ગૌરવ અને ધાર્મિક સુરક્ષાને હેરાન કરવાની એક ઘાતકી કવાયત છે.જો આ વખતે પણ સરકાર દ્વારા ઊંઘેલી નીતિ અપનાવવામાં આવશે, તો આવતી પેઢીઓ માટે દ્રોહ અને આતંક જ વારસો બની રહેશે-અખંડ ભારત

# જસદણમાં પરશુરામ જયંતિની તૈયારી માટે મિટીગ યોજાઈ

અશોક ચાનવ - ભગવાન શ્રી વિષ્ણુના અવતાર શ્રી પરશુરામ ભગવાનની અખાત્રીજના તા.૨૯ ના જન્મોત્સવની ભવ્ય ઉજવણી નિમિત્તે જસદણમાં રાજગોર સમાજના આગેવાનોની એક બેઠક યોજાઈ હતી. જેમાં શોભાયાત્રા અને આરતી સહિતના વિવિધ આયોજનોની ચર્ચા વિચારણા કરાઈ હતી. આ પ્રસંગમાં વધુને વધુ સમાજના લોકો જોડાઈ તેવી અપીલ પણ રાજગોર સમાજના આગેવાનશ્રી અશોકભાઈ એમ.



ચાવ જેન્તીભાઈ જોશી,પલુભાઈ દવે,નવીનભાઈ રવીયા સુરેશભાઈ જોશી, સંદીપભાઈ તેરૈયા,હરેશભાઈ તેરૈયા, ઉપેન્દ્રભાઈ તેરૈયા,દ્વારા કરાઈ છે.-અખંડ ભારત

# પિપલોદ પ્રા.શાળામાં વિદાય સમારંભ યોજાયો



વિપુલ બારીયા - ભૂત ફળિયા પિપલોદ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા આચાર્ય ગુલાબસિંહ વણઝારાની તેઓના વતન મોરવા ખાતે બદલી થતા તેઓનો વિદાય સન્માન સમારોહ શાળાના પટાગણમાં તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બુધાભાઈ પરમારના અધ્યક્ષ પણ હેઠળ યોજવામાં આવતા શિક્ષણજગતના અધિકારી,સ્ટાફ પરિવાર,શિક્ષક ભાઈ-બહેનો ઉપસ્થિત રહી ફરજ દરમ્યાન તેમને કરેલી કામગીરીને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

# પરીક્ષા પહેલા લગ્ન પછી...

શબ્બીર રાઠોડ - શિનોર તાલુકાના સાધલી મુકામે આવેલ એસ.સી.એ.પટેલ આર્ટસ કોલેજ માં અત્યારે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાની વિવિધ પરીક્ષાઓ ચાલી રહીછે. જેમાં આજરોજ એસ.સી.એ. પટેલ આર્ટસ કોલેજ, સાધલીની સેમેસ્ટર - ૨ ની વિદ્યાર્થીની વસાવા વિશ્રુતા કિરણભાઈના લગ્ન તારીખ ૨૫ એપ્રિલ ૨૦૨૫ ને શુક્રવારે હોવા છતાં આજરોજ તારીખ ૨૪ એપ્રિલ ૨૦૨૫ ને ગુરુવારના દિવસે જ પીઠી સાથે શિક્ષણ અને પરીક્ષાને પણ એટલું જ મહત્વ આપીને



,આજરોજ પરીક્ષા આપવા માટે હાજર થઈ હતી. અને શાંત ચિત્તે પરીક્ષા આપેલ છે, શિનોર તાલુકાના ટીગલોદ મુકામે ગૌરાંગ દિનેશભાઈ વસાવા સાથે તેના લગ્ન નક્કી થયેલા છે. આમ સરકારશ્રીના કન્યા કેળવણીના ઉદ્દેશને આજના પ્રસંગથી સાકાર થતો જોઈ શકાય છે. કોલેજના આચાર્યશ્રી, સી.ડબલ્યુ.ડી.સી. વિભાગ અને અન્ય અધ્યાપક મિત્રોએ વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતા અને લગ્નજીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# જૂનાગઢમાં બજરંગ દળનો વિરોધ પ્રદર્શન

કિશન બહેચા - કાશ્મીરના પેહલગામ ખાતે નિર્દોષ યાત્રાળુઓના ધર્મ ઓળખી ગોળી મારી કરવામાં આવેલ હત્યાકાંડનો જૂનાગઢ બજરંગ દળ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવાયો હતો. આ અંગે ૨૩ એપ્રિલ ૨૦૨૫ના બુધવારના રોજ સાંજે ૪:૩૦ કલાકે જૂનાગઢના કાળવા ચોક ખાતે પુતલા દહન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બજરંગ દળના કાર્યકરો તથા વિવિધ હિંદુ સંગઠનો જોડાયા હતા અને "આતંકવાદ મુર્દાબાદ" "જય શ્રી રામ" ના નાદ સાથે વિરોધ પ્રદર્શન કરી આતંકવાદી તત્વો સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.- અખંડ ભારત



# રાજકોટ સિવિલમાં દર્દીઓની સેવાના નામે ચાલતા અન્નક્ષેત્રનું વીજ જોડાણ કપાયું



રાજકોટની સિવિલ હોસ્પિટલના એક્સરે વિભાગમાં ગત મંગળવારે ઈલેક્ટ્રિક પેનલ બોક્સમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. જેના પગલે હાજર દર્દીઓમાં નાસભાગ મચી હતી. અમુક દર્દીઓ તો સ્ટ્રેચર મુકીને ભાગ્યા હતા. જોકે, સ્ટાફે સમયસર આગ પર કાબુ મેળવી લેતા મોટી દુર્ઘટના ટળી હતી. આ આગ લાગવાના કારણમાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સેવાના નામે ચાલતા અન્નક્ષેત્રમાં ગેરકાયદેસર મેળવેલ વીજ જોડાણ હોવાનું સામે આવ્યું છે. જેમાં કેબલની લોડ કેપિસિટી કરતા વધુ લોડ વપરાશના કારણે આ ઘટના બન્યાનું ધ્યાનમાં આવતા અન્નક્ષેત્ર દ્વારા લેવામાં આવેલું ગેરકાયદે વીજ જોડાણ દુર કરવામાં આવ્યું છે.પ્રાપ્ત વિગત મુજબ, મંગળવારે સિવિલ હોસ્પિટલના એક્સરે વિભાગના ઈલેક્ટ્રિક પેનલ બોક્સમાં આગની ઘટનાની તપાસ કરવામાં આવતા અન્નક્ષેત્ર દ્વારા એક્સરે વિભાગમાંથી ગેરકાયદેસર વીજ જોડાણ લઈને વીજ વપરાશ કરવામાં આવતો હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવને લઈને સિવિલ અધિક્ષક દ્વારા પીજીવીસીએલને જાણ કરવામાં આવી હતી. જેને લઈને હાલ એક્સરે વિભાગમાંથી લીધેલું ગેરકાયદેસર વીજ જોડાણ કટ્ટ કરી નાખવામાં આવ્યું છે. કોરોના મહામારીના સમયમાં અહીં ગેરકાયદેસર રીતે વિશાળ બાંધકામ ખડકી દેવામાં આવ્યું હોવાની ફરિયાદો ઉચ્ચકક્ષાએ પહોંચતા આખેઆખા ગેરકાયદેસર બાંધકામનો કડૂસલો બોલાવવા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.સિવિલ હોસ્પિટલનાં ઈન્ચાર્જ મીડિયા કો-ઓર્ડિનેટર ડો. મહેન્દ્ર ચાવડાએ જણાવ્યું કે, અન્નક્ષેત્રમાં ગેરકાયદેસર રીતે હોસ્પિટલના એક્સરે વિભાગમાંથી વીજ જોડાણ લેવામાં આવ્યું હોવાની ફરિયાદ મળી હતી. જેને લઈને તબીબી અધિક્ષક ડો. મોનાલી માંકડિયાએ તપાસના આદેશ આપ્યા હતા. નાયબ કાર્યપાલક ઈજનેર પીઆઈયુ દ્વારા અન્નક્ષેત્રમાં તપાસ કરવામાં આવતા એક્સ-રે વિભાગમાંથી વીજ જોડાણ લઈ વીજ વપરાશ કરવામાં આવતો હોવાનું ખુલતા તાત્કાલિક અસરથી આ વીજ જોડાણ કટ્ટ કરી નાખવામાં આવ્યું હતું. ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં લોકોની સેવાને નામે શરૂ કરવામાં આવેલા અન્નક્ષેત્રમાં મોટા પ્રમાણમાં પાણીનો બગાડ કરવામાં આવતો હોવાની પણ ફરિયાદ ઉઠતા હોસ્પિટલ સતાવાળાઓ દ્વારા આગામી દિવસોમાં ગેરકાયદેસર વીજ જોડાણની જેમ જ પાણીનું કનેક્શન પણ કટ્ટ કરી નાખી ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સેવાના નામે બબ્બે સ્થળોએ અન્નક્ષેત્રના નામે બે સંસ્થાઓ દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગર ગેરકાયદેસર બાંધકામ કરી લેવાયા છે. આ વાત તબીબી અધિક્ષક ડો. મોનાલી માંકડિયાને ધ્યાને આવતા હિસાબી અધિકારી ડો.મહેન્દ્ર ચાવડાને તપાસ કરી તાત્કાલિક પગલાં લેવાની સૂચના આપી હતી. જેને પગલે સિવિલ હોસ્પિટલના મંદિર પાસે ખડકી દેવામાં આવેલ ઓટલાનું બાંધકામ પણ ગઈકાલે સિક્યુરિટીની મદદથી દુર કરવામાં આવ્યું હતું.

# ગુજરાત-પહેલગામ હુમલામાં ૩ મૃતકના અંતિમ સંસ્કાર:અંતિમયાત્રામાં હજારો લોકો ઊમટ્યા



૨૨ એપ્રિલ મંગળવારે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૩ ગુજરાતી સહિત ૨૬ લોકોના મોત નીપજયા હતા. ત્રણેય ગુજરાતીઓના મૃતદેહને વિમાન માર્ગે ગુજરાત લવાયા છે. સુરતમાં મૃતક યુવક શૈલેષભાઈ કળથિયા અને ભાવનગરમાં મૃતક પિતા યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને પુત્ર સ્મિત યતીશભાઈ પરમારના અંતિમ સંસ્કાર કરી દેવાયા છે. તે પહેલાં તેમની અંતિમયાત્રામાં હજારો લોકો જોડાયા હતા. આ દુઃખની ઘડીમાં પાટીલ-CMએ પણ પરિવારને સાંત્વના આપી હતી.મુસ્લિમોને કંઇ ન કર્યુ ને જેટલા હિન્દુ હતા એ બધાને ગોળી મારી દીધી અને જ્યાં સુધી જીવ ન ગયો ત્યાં સુધી ઊભો ઊભો હસતો હતો. કાશ્મીરનું નામ બદનામ કરો છો, પણ કાશ્મીરમાં કંઇ વાંધો નથી, વાંધો આપણી સરકાર અને સિક્યોરિટીમાં છે. આટલા ટૂરિસ્ટ હતા, પણ કોઈ આર્મી, પોલીસ કે મેડિકલ કેમ્પ નહોતો. અમે સરકાર અને આર્મી પર ભરોશો રાખીને ફરવા ગયા હતા, એ જ આર્મી કહે છે કે તમે ઉપર કેમ ફરવા જાઓ છો. આપણા દેશની જ આર્મી આવું કહેશે તો બીજું કોણ બોલશે.સુરત અને ભાવનગર મૃતદેહ પહોંચતા જ મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડયા હતા. સ્થાનિક નેતાઓ પણ પીડિત પરિવારને સાંત્વના આપવા પહોંચી ગયા હતા. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભાવનગરમાં પીડિત પરિવારને મળી દુઃખની ઘડીમાં સહભાગી થયા હતા તો સી.આર.પાટીલ સુરતમાં પીડિત પરિવારને મળ્યા હતા. જયાં મૃતક શૈલેષ કળથિયાની પત્નીએ પાટીલ સમક્ષ વિલાપ કરતા સરકાર અને સિક્યુરિટી સામે આકરા સવાલ ઉઠાવ્યા હતા.શૈલેષ કળથિયાના પુત્ર નક્ષે હુમલો થયો ત્યારની સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું કે કાશ્મીર તો ખૂબ સારું છે. પહેલગામમાં ઘોડા પર જવાનું હોય છે, અમે લોકો ત્યાં ઘોડા ઉપર સવાર હતા અને જઈ રહ્યા હતા. દસ મિનિટ બાદ આતંકવાદીઓ આવી ગયા, અમે બધા સંતાઈ ગયા હતા. આતંકવાદીઓએ અમને શોધી લીધા. અમે બે આતંકવાદીને જોયા હતા. આતંકવાદીઓએ કહ્યું કે જે હિન્દુ છે તે અલગ થઈ જાઓ. જે મુસ્લિમ છે તે અલગ થઈ જાઓ.

# જગતમંદિર ખાતે અધિકારીઓ સાથે રીવ્યૂ મિટિંગ બાદ લેન્ડિંગ પોઇન્ટની સુરક્ષા સઘન બનાવવા સૂચના



ગત તારીખ ૨૩ એપ્રિલને મંગળવારના રોજ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૩ ગુજરાતી સહિત ૨૬ લોકોના મોત નીપજ્યા બાદ આતંકી હુમલાને લઇ તમામ બોર્ડર ઉપર સુરક્ષા વધારી દેવામાં આવી છે. રાજકોટ રેન્જ અંતર્ગત આવતા જામનગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવતા દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને ડ્રોન કેમેરા મારફત પણ મોનીટરીંગ તેમજ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. દ્વારકા જગતમંદિર ખાતે પણ અધિકારીઓ સાથે મિટિંગ યોજી સુરક્ષાને લઇ ચર્ચા કર્યા બાદ દરિયાઈ સાથે સાથે લેન્ડિંગ પોઈન્ટ ઉપર પણ સુરક્ષા અંગે સઘન તપાસ કરવા સૂચના આપવામાં આવી છે.રાજકોટ રેન્જ આઈ.જી અશોક કુમાર યાદવએ જણાવ્યું હતું કે, રાજકોટ રેન્જમાં કુલ પાંચ જેટલા જિલ્લાઓનો સમાવેશ થાય છે. આતંકી હુમલાને લઇ પોલીસ દ્વારા સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે ખાસ કરીને દરિયાઈ સુરક્ષા ઉપર પણ અસરકારક રીતે વધુ સુરક્ષા તેજ કરવામાં આવી છે. રાજકોટ રેન્જ અંતર્ગત આવતા મોરબી, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા દરિયાઈ તટ સાથે જોડાયેલા છે.

# ગુજરાત યુનિવર્સિટી બહાર પાકિસ્તાન અને આતંકવાદના પુતળાનું દહન કર્યું, સર્જિકલ સ્ટ્રાઈકની માગ

કશ્મીરમાં આતંકવાદીઓએ કરેલા હુમલામાં ૨૮ નિર્દોષ લોકોના મોત થયા છે જેને લઈને દેશભરમાં પાકિસ્તાન અને આતંકવાદનો વિરોધ ચાલી રહ્યો છે.ત્યારે ABVP એ ગુજરાત યુનિવર્સિટી બહાર પાકિસ્તાન અને આતંકવાદનુ પૂતળું બાળીને વિરોધ કર્યો હતો.સમગ્ર રાજ્યમાં ABVP દ્વારા આજે વિરોધ કરવામાં આવી રહ્યો છે.ABVP એ સર્જિકલ સ્ટ્રાઇકની પણ માંગ કરી છે.ABVP દ્વારા રાજ્યભરમાં આજે કાશ્મીર હુમલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.રાજ્યની કોલેજ અને યુનિવર્સિટીમાં આતંકવાદનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.ગુજરાત યુનિવર્સિટી બહાર પણ ABVP ના કાર્યકરોએ હાથમાં પાકિસ્તાન વિરોધી બેનર લઈને પાકિસ્તાન અને આતંકવાદ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા..ત્યારબાદ પાકિસ્તાન અને આતંકવાદ મુર્દાબાદ લખેલા પૂતળાનું પેટ્રોલ છાંટી આગ લગાવી વિરોધ કર્યો હતો.આ અંગે ABVP ના નેતા મુકુલ ચાવડાએ જણાવ્યું હતું કે પાકિસ્તાનના આતંકવાદીઓએ હુમલાનો અમે આજે રાજ્યભરમાં વિરોધ કરી રહ્યા છે.તમામ કેમ્પસ અને



યુનિવર્સિટીમાં વિરોધ ચાલી રહ્યો છે.સરકારના પાકિસ્તાન સામેના નિર્ણયને અમે આવકારીએ છીએ પરંતુ અમારી માંગ સર્જિકલ સ્ટ્રાઇકની છે.

# ધરમપુર પ્રા.શાળાના આચાર્યનો અભિવાદન કાર્યક્રમ યોજાયો



સંજય પટેલ - ધરમપુર તાલુકા ના શિશુમાળ પ્રા.શાળામાં નવનિયુક્ત આચાર્ય ઈશ્વરભાઈ ગવળીને અભિવાદન કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવતા શિક્ષક સ્ટાફ મિત્રો દ્વારા ફૂલ નો હાર પહેરાવી અને સંવિધાન (ભારતીય બંધારણ) ની બુક આપી ને અભિવાદન કરવામાં આવ્યુ હતું.-અખંડ ભારત

# વરણામાં ત્રિ-મંદિર ખાતે પંચાયત દિનની ઉજવણી કરાઈ





સબ્બીર રાઠોડ- વરણામા પાસે આવેલ ત્રિમંદીર ખાતે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની જિલ્લા કક્ષા નીઉજવણી જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબા મહિડાના અધ્યક્ષ સ્થાને આયોજીત આ કાર્યક્રમમાં પહેલગામ આતંકી હુમલા માં જીવ ગુમાવનારા ને ૫ મિનિટ મૌન રાખી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.ત્યારબાદ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી તથા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા વર્ચ્યુઅલ સંબોધન કરવામાં આવ્યું હતું. આજના પ્રસંગે IOCL રિફાઈનરી દ્વારા જિલ્લા આરોગ્ય વિભાગને આપવામાં આવેલ રૂપિયા ૧.૮૬ કરોડની કુલ ૧૦ એમ્બ્યુલન્સને મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. વડોદરા જિલ્લાના રારોદ, મેથી, હાંડોદ, રાયપુરા ,સોંઢાશાલ ,નવા શિહોરા , થુવાવી , ભિલોડીયા, શિનોર અને સાધલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આ એમ્બ્યુલન્સ આપવામાં આવશે. રિફાઈનરીના ડિરેક્ટરે ગ્રામ્ય કક્ષાએ આ એમ્બ્યુલન્સની સેવા મળવાથી દર્દીઓને તથા બીમાર લોકોને રાહત થશે, તેમ જણાવ્યું હતું.સ્વ સહાય જૂથની મહિલાઓ દ્વારા સ્વયં ઉત્પાદિત વસ્તુઓના સ્માર્ટ પેકેજિંગનું પણ આજના પ્રસંગે મહેમાનોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને

કુલ ૭૨ પ્રોડક્ટસ ને વૈશ્વિક બજારમાં સ્પર્ધા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.જિલ્લાના દરેક ગામમાં ગંદા પાણીના નિકાલ માટે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી સાથે એમઓયુ વ્યવસ્થાપન ફાઈનાન્સ ટેકનિકલ રિપોર્ટ કરી કામો કરવામાં આવશે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાખવામાં આવેલ આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબા મહિડા, જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ અશ્વિન પટેલ, કારોબારી ચેરમેન નિલેશ પુરાણી આરોગ્ય સમિતિ ચેરમેન નરેન્દ્રભાઈ ઉર્ફે નટુભાઈ રોહિત ,ડીડીઓ મમતા હિરપરા, DRDA નિયામક હિમાંશુ પરીખ, IOCL રિફાઇનરી ડિરેક્ટર પ્રસાંત રાહુલ, જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ અશોક પટેલ, વડોદરા તાલુકા પંચાયત પ્રમુખ અંકિતા પરમાર સહિત વિવિધ કમિટીના ચેરમેનો હાજર રહ્યા હતા. -અખંડ ભારત

# સાધલી -દિવેર - રણાપુર ના રસ્તાનું રીસર્ફેસિંગ કરાશે

શબ્બીર રાઠોડ - વડોદરાના કરજણ-શિનોર તાલુકાને જોડતા સાધલી -દિવેર - રણાપુર ના રસ્તાને રીસર્ફેસિંગ કરવા માટે વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ સતિષભાઈ પટેલ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને બે તાલુકાને જોડતા સાધલી- દિવેર- અને રણાપુર ગામના રસ્તાને વહેલામાં વહેલી તકે રીસર્ફેસિંગ કરવાની ઈમેલથી રજૂઆત કરેલ હતી અને માત્ર ૨૪ કલાકમાં તારીખ ૨૩ એપ્રિલ ૨૦૨૫ ના રોજ મુખ્યમંત્રી કચેરીના ચીફ કલેક્ટર દ્વારા સીએમઓ ડિપાર્ટમેન્ટ ના શ્રીમતી મીતા જોશી ને જણાવતાં સીએમઓ ડિપાર્ટમેન્ટ દ્વારા આર.એન.બી ડિપાર્ટમેન્ટ ના પી.આર.પટેલીયાને તાત્કાલિક આ રજૂઆત ધ્યાને લઈ કામગીરી કરવા જણાવેલ હતું આમ જિલ્લા ભાજપા પ્રમુખ સતીશ પટેલની મહેનત રંગ લાવતા આ પંથકમાં આનંદ ની લાગણી વ્યાપેલ છે.-અખંડ ભારત

# ગોરીવાડ ખાતે મફત નિદાન કેમ્પ યોજાયો



ગોસ્વામી ભાગ્વાન્પુર - ગોરીયાવડ ગામ ખાતે સેતુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અમદાવાદ દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન કરીને દરેક ગરીબ માણસોને મફત ચેકઅપ કરીને મફત દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું, સેતુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દરેક ગામડે ગામડે ફરીને દરેક ગામડામાં દર અઠવાડિયામાં એક દિવસ મેડિકલ કેમ્પનું આયોજન કરીને મફત મેડિકલ તપાસ કરીને તમામ પ્રકાર ની મફત દવાઓ આપીને સેવા આપવામાં આવે છે, આવી સેવાઓથી તમામ ગરીબ માણસોને ઘણી રાહત થાય છે જેથી ગોરીયાવડ ગામજનો વતિ ગોરીયાવડ સરપંચ એ સેતુ ચેરીટેબલ ટ્રસ્ટ નો આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

# ધનસુરામાં કોંગ્રેસ સંગઠનની મિંટીગ મળી




કલાલ ઈસુબમિયા - ધનસુરા તાલુકા કોગ્રેસ સમિતિ આયોજિત રાહુલ ગાંધીના સંગઠન સર્જન અભિયાન આયોજિત ડો. શિવકુમાર પૂર્વમંત્રી છત્તીસગઢ,પૂવૅ વિપક્ષ નેતા સુખરામ રાઠવા ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, જેનીબેન ઠૂમર કપિલાબેન ચાવડા તેમજ જીલ્લાના અને તાલુકાના આગેવાનોની ઉપસ્થિતીમાં યોજાયેલ આ મિટીગમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખની વરણી મુદે સેન્સ લેવામાં આવ્યા હતા.આ તબક્કે પહલગામમાં થયેલ આતંકવાદી હુમલામાં હિન્દુ પર્યટકોના મોત થતાં સ્વ.આત્માને શાંતિ માટે શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.-અખંડ ભારત

# મહિસાગર ખાતે દિશા બેઠક યોજાઈ




વિપુલ બારીયા - મહીસાગર જિલ્લાના કલેક્ટર કચેરી ખાતે આયોજિત જિલ્લા વિકાસ અને સહયોગ સમિતિ (દિશા)ની બેઠકમાં સાંસદ જશવંતસિંહ ભાભોર, શિક્ષણમંત્રી ડો કુબેરભાઈ ડીડોરની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત રહી જિલ્લા સ્તરના વિવિધ વિકાસ કાર્યો, યોજનાઓના અમલ અને ભવિષ્યની નીતિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.આ બેઠક દરમિયાન વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ સાથે કામગીરીની સમીક્ષા કરી અને વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સૂચનો આપવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# દરિયા કિનારે સોનાલી રાઉતે બોલ્ડનેસની હદો કરી પાર, તસવીરો થઈ વાયરલ




અભિનેત્રી સોનાલી રાઉતની બોલ્ડ તસવીરો સોશિયલ મીડિયા પર આગ લગાવતી રહે છે. ફેન્સને અભિનેત્રીનો દરેક લુક પસંદ આવે છે.બોલિવૂડની ગ્લેમરસ અભિનેત્રી સોનાલી રાઉત પોતાની બોલ્ડનેસના કારણે સોશિયલ મીડિયા પર છવાયેલી છે.રિયાલિટી શો 'બિગ બોસ'ની સીઝન ૮ થી લાઈમલાઈટમાં આવેલી સોનાલી રાઉત અવારનવાર પોતાની તસવીરોથી ઈન્ટરનેટનો પારો વધારતી રહે છે.સોનાલી રાઉત અવારનવાર બોલ્ડ ફોટોશૂટ કરાવતી રહે છે, જેની તસવીરો તે ઈન્સ્ટાગ્રામ પર શેર કરે છે તે હંગામો મચાવે છે.

# યુદ્ધ કરો, કેમકે કૂતરો ગાંડો થાય તો તેને ગોળી જ મારવામાં આવે છે - પહેલગામ હુમલા બાદ કુમાર વિશ્વાસે કરેલું ટવીટ વાયરલ

કુમાર વિશ્વાસે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યું, હે યોદ્ધા, નિર્ભય થઈને ચાલ્યા જાઓ; દરેક ભારતીયની ઈચ્છાઓ પૂર્ણ થાય.આ પહેલા કુમાર વિશ્વાસે પહેલગામ આતંકવાદી હુમલા પર એક વીડિયો શેર કર્યો હતો અને લખ્યું હતુ - મેં એક દાયકા પહેલા કહ્યું હતું, હું તેને ફરીથી પુનરાવર્તન કરી રહ્યો છું. આજે સમજો કે કાલે, આ એકમાત્ર ઉકેલ છે. દેશ બનાવો કે તમારા પુત્રોના મૃતદેહ ઉપાડો? આ મૂંઝવણમાં જીતેલી દરેક રમત હારી જાય છે. દિલ્હીના આ લોકો એક વાત ક્યારે સમજશે? જો કૂતરો પાગલ થઈ જાય, તો તેને ગોળી મારી દેવામાં આવે છે.!પહેલગામ આતંકવાદી હુમલા અંગે કુમાર વિશ્વાસે લખ્યું - શું નિર્દોષ પ્રવાસીઓને તેમનો ધર્મ પૂછીને ગોળી મારનારાઓ પણ કોઈ ધર્મના હિમાયતી હોઈ શકે? દુનિયા, દેશે જાગવું પડશે અને આતંકવાદી વિચારધારા અને તેના સમર્થકો અને સહાનુભૂતિ રાખનારાઓને અંદર અને બહાર ખુલ્લા પાડવા પડશે. જેમના સંબંધીઓ મૃત્યુ પામ્યા છે તેમના પરિવારો પ્રત્યે સંવેદના. આતંકવાદી વરુઓને ચેતવણી કે કાશ્મીરીઓ અને ભારતીયો ઝૂક્યા નથી અને ઝૂકશે નહીં, બદલો લેવામાં આવશે.પ્રધાનમંત્રીના નિવાસસ્થાને સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠક લગભગ ૨.૫ કલાક ચાલી હતી. આ બેઠક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ,



વિદેશ મંત્રી એસ જયશંકર, નાણાં મંત્રી નિર્મલા સીતારમણ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ હાજર રહ્યા હતા.૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકો માર્યા ગયા હતા, જેમાંથી મોટાભાગના પ્રવાસીઓ હતા અને ૨૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ હુમલા પછી, કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું, જેમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સ્પષ્ટપણે કહ્યું કે ટૂંક સમયમાં જવાબ આપવામાં આવશે.

# વીજળીયા ગામે દરોડામાં ? ૨.૫૦ કરોડનો મુદ્દામાલ જપ્ત, બે ડમ્પર-હિટાચી મશીન સહિત સામાન કબજે



સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના વીજળીયા ગામે ગેરકાયદે ખનન પ્રવૃત્તિ ઝડપાઈ છે. ચોટીલાના નાયબ કલેક્ટર અને તેમની ટીમે આકસ્મિક દરોડો પાડ્યો હતો. રાજુભાઈ વિરજીભાઈ ઉમરખાણીયા દ્વારા ખાનગી માલિકીની જમીનમાં ગેરકાયદેસર રીતે સફેદ માટીનું ખનન કરવામાં આવી રહ્યું હતું. સ્થળ પરથી બે ડમ્પર, બે હિટાચી મશીન, બે હિટાચી લઈ જવાના પાટલા જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત એક લાઈટ પંખો, ૪૦ ફૂટ પીવીસી પાઈપ, એક સબમર્સીબલ પંપ અને ૭ મોબાઈલ મળી આવ્યા છે. કુલ મળીને અઢી કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આરોપી રાજુભાઈ વિરજીભાઈ ઉમરખાણીયા સામે કલેકટરની પૂર્વ મંજૂરી વગર ગેરકાયદેસર ખનન કરવા બદલ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તેમની સામે ગુજરાત પ્રીવેન્શન ઓફ ઈલિગલ માઈનીગ, સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન નિયમો ૨૦૧૭ અને જમીન મહેસૂલ કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ચીનની ચાલાકી, ટેરિફથી બચવા આ દેશના લેબલ સાથે માલ-સામાનનો જથ્થો મોકલી રહ્યું છે અમેરિકામાં, જાપાની મીડિયાએ ખોલી પોલ

જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨ એપ્રિલે વિશ્વભરના દેશો પર ટેરિફ લાદવાની જાહેરાત કરી, ત્યારે વિશ્વની બે આર્થિક મહાસત્તાઓ આમનેસામને આવી ગઈ. આ ટેરિફ યુદ્ધે સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર માટે અનિશ્ચિતતાની પરિસ્થિતિ ઊભી કરી. એક તરફ, ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ઊંચા ટેરિફના જવાબમાં ચીને ટેરિફ દરોમાં વધારો કરીને બદલો લીધો છે, જ્યારે બીજી તરફ તે વોશિંગ્ટનને મૂર્ખ બનાવી રહ્યું છે અને અન્ય યુક્તિઓનો ઉપયોગ કરીને મોટા પ્રમાણમાં પોતાનો માલ મોકલી રહ્યું છે.હા, જાપાની મીડિયા નિક્કી એશિયા ન્યૂઝના અહેવાલો અનુસાર, ચીની કંપનીઓ અમેરિકન ટેરિફથી બચવા માટે દક્ષિણ કોરિયાના લેબલનો ઉપયોગ કરી રહી છે. કોરિયાની કસ્ટમ્સ સર્વિસ અનુસાર, જાન્યુઆરીથી માર્ચ સુધીમાં, દક્ષિણ કોરિયામાંથી લગભગ ૨૯.૫ અબજ યેનની કિંમતનો માલ નિકાસ કરવામાં આવ્યો



હતો, જેમાંથી લગભગ ૯૭ ટકા નકલી લેબલવાળા ચીની માલ હતા.ગયા વર્ષે દક્ષિણ કોરિયાએ ૩૪.૮ અબજ ડોલરની નિકાસ કરી હતી. આવી સ્થિતિમાં, ૨૦૨૪ માં થયેલી કુલ નિકાસમાંથી લગભગ ૮૫ ટકા નિકાસ માર્ચ સુધીમાં દક્ષિણ કોરિયા લેબલ સાથે મોકલવામાં આવી છે.દક્ષિણ કોરિયાના એક્સાઈઝ વિભાગે આવા ઘણા ઉદાહરણો આપ્યા છે, જેમ કે ચીનના ગાદલા. જેમના પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદવામાં આવી રહી હતી. હવે, આનાથી બચવા માટે, ચાઈનીઝ ગાદલા પહેલા દક્ષિણ કોરિયાના એક વેરહાઉસમાં ચીની નાગરિકના નામે સંગ્રહિત કરવામાં આવી રહ્યા છે અને પછી દક્ષિણ કોરિયન ઉત્પાદનનું નકલી લેબલ લગાવીને અમેરિકા મોકલવામાં આવી રહ્યા છે.બીજું ઉદાહરણ રિચાર્જેબલ બેટરીનું છે. તેને ચીન પહેલા દક્ષિણ કોરિયા મોકલવામાં આવી રહ્યું છે. રિપેકેજિંગ અને તેના પર નકલી લેબલ લગાવ્યા પછી, તેને અમેરિકા નિકાસ કરવામાં આવી રહું છે. તેવી જ રીતે, સર્વેલન્સ કેમેરાના ભાગો પહેલા દક્ષિણ કોરિયા મોકલવામાં આવી રહ્યા છે. પછી ત્યાં તેને એસેમ્બલ કર્યા પછી, તેના પર દક્ષિણ કોરિયન લેબલ લગાવીને તેને અમેરિકા નિકાસ કરવામાં આવી રહ્યું છે.

# સરકારની કાર્યવાહી, ભારતમાં રિલીઝ નહીં થાય પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનની ફિલ્મ 'અબીર ગુલાલ



**પહલગામ આતંકવાદી હુમલા વચ્ચે પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાનની આગામી ફિલ્મ અબીર ગુલાલનો ઘણો વિરોધ થઈ રહ્યો હતો. લોકો સોશિયલ મીડિયા પર ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી રહ્યા હતા. હવે સરકારે આ અંગે એક મોટો નિર્ણય લીધો છે. જે મુજબ આ ફિલ્મ હવે ભારતમાં રિલીઝ થશે નહીં. માહિતી અને પ્રસારણ મંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાન અભિનીત ફિલ્મ 'અબીર ગુલાલ' ભારતમાં રિલીઝ થવાની મંજૂરી આપવામાં આવશે નહીં.આરતી એસ બાગડી દ્વારા દિગ્દર્શિત રોમેન્ટિક કૉમેડી ફિલ્મ અબીર ગુલાલ ૯ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. જોકે, મંગળવારે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની હૃદયદ્રાવક ઘટના બાદ, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા અને ઘણા અન્ય નાગરિકો ઘાયલ થયા હતા, લોકોના એક વર્ગે સોશિયલ મીડિયા પર ફિલ્મનો બહિષ્કાર કરવાની માંગ કરી છે. એક ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે, "અબીર ગુલાલને ભારતના કોઈપણ થિયેટરમાં રિલીઝ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં."**

# ઢોલરાના સરપંચને સ્ટાર સરપંચનો એવોર્ડ એનાયત કરાયો




શોભનાબેન રોહિતભાઈ

કાછડિયા રોહિતભાઈ- ભારત સરકારના જળશક્તિ મંત્રાલય અને ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે દિલ્હી ખાતે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના અધ્યક્ષ સ્થાને સ્વચ્છ અને સુજલ ગામ અંતર્ગત કાર્યક્મ યોજાયો હતો, જેમાં સમગ્ર ભારત દેશના ૨૯ સરપંચોને તેમની પાણી અને સ્વચ્છતા ઉપર કરવામાં આવેલી કામગીરીને ધ્યાને લઈ વિવિધ કેટેગરીના એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં રાજકોટ લોધીકા ના ઢોલરા ગામનાં મહિલા સમરસ સરપંચ કાછડીયાની પણ પસંદગી થતાં સી.આર.પાટીલના હસ્તે“સ્ટાર ”સરપંચ તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઢોલરા ગામને સુજલ ગામ તરીકેનો એવોર્ડ મળ્યાના સમાચાર મળતાં સમગ્ર ગામમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી અને ગ્રામજનોએ ગામનાં સરપંચને શુભેચ્છા પાઠવી હતી.

-અખંડ ભારત

# ભાટીયા ખાતે ત્રીજો પાટોત્સવ યોજાયો



વનરાજ ભાઈ વણઝારા - તલોદ તાલુકાના ભાટીયા ખાતે આવેલ વહાણવટી માતાજી અને ખોડીયાર માતાજીના ત્રીજા પાટોત્સવનું આયોજન કરવામાં આવતા ગામ પંથક સહિત આસપાસના ભાવિક ભક્તોએ આ ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત રહી અને દર્શન પ્રસાદીનો લ્હાવો લીધો હતો.- અખંડ ભારત

# ભોર આમલી ગામે રાષ્ટ્રીય પંચાયત દિનની ઉજવણી કરાઈ

વસવા અજીતભાઈ - નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ભોર આમલી ગામે રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ નિમિત્તે મિટીગ આયીજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય અતિથી તરીકે વાસ્મો પ્રોજેક્ટમાં પાણી પુરવઠા નું કામ સંભાળતા બિન્દુબેન દેશમુખ તેમજ નીરવ માછી ઉપસ્થિત રહી સ્વ સહાય જૂથો ના બહેનોને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.નીરવ દ્વારા ગ્રામ જનોને પાણીનું મહત્વ,ચોખ્ખુ પાણી કેવું હોવું જોઈએ અને શુદ્ધ પાણીના ફાયદા તેમજ દુષિત પાણીથી થતા સ્વાસ્થ ને નુકસાન વિશે માહિતી આપવામાં આવી હતી.વાસ્મો પ્રોજેક્ટ દ્વારા ભોર આમલી ગ્રામ પંચાયત ને ૫૦ હજારનો ચેક પણ ગામમા સ્વ સહાય જૂથ ચલાવતા વસાવા નમીષાબેન તેમજ ગ્રામ પચાયતના તલાટીને



બિન્દુબેન દેશમુખ દ્વારા આપવામાં આવ્યો હતો.

-અખંડ ભારત

# પ્રાંતિજના પિલુદ્રામાં ટ્રેનિગમાં જતા યુવાનનું સન્માન કરાયું



વિષ્ણુ મકવાણા - સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પિલુદ્રા ગામના માજી સૈનિક દોલતસિંહ પોતે દેશ સેવા આપી પોતાના પુત્ર મૌલીકસિંહને અગ્નિવીર ટ્રેનિંગ માટે ગામ આગેવાનો પરિવારજનો ભેગા મળી ટ્રેનિંગ માટે રવાના થતા આ યુવાને શુભેચ્છાઓ પાઠવી ઉત્સાહ વધાર્યો હતો.- અખંડ ભારત

# ઢોલરા ગામે રાષ્ટ્રીય પંચાયત દિનની ઉજવણી કરાઈ



રોહિતભાઈ કાછડીયા- રાષ્ટ્રીય પંચાયત દિન નિમિત્તે તાલુકા કક્ષાની ગ્રામ સભાનું આયોજન ઢોલરા ગામ પંચાયત ખાતે કરવામાં આવતા તાલુકાના વિવિધ ડીપાર્ટમેન્ટના અધિકારીઓ,સ્થાનિક સંસ્થાના કર્મચારીઓ ગામ આગેવાનો અને ગ્રામજનોની હાજરીમાં ગ્રામસભા રાખેલ જેમાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ થી માહિતગાર કરવામાં આવ્યા હતા આ તબક્કે ગ્રામજનો દ્વારા આયોજીત મેડીકલ ચેકઅપ કેમ્પમાં મોટી સંખ્યામાં યુવાનો,બાળકો,મહિલાઓ કેમ્પનો લાભ લઈ મેડીકલ ચેક અપ કરાવ્યું હતું.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લાઈવ પ્રસારણ ને નિહાળ્યો હતો.- અખંડ ભારત

# ઉમરેઠમાં શ્રીમદ વલ્લભાચાર્યનો પ્રાગત્યોત્સવ યોજાયો




યુસુફ કત્લેરીવાલા - ઉમરેઠમાં શ્રીમદ વલ્લભાચાર્ય શ્રી મહાપ્રભુજી ના ૫૪૮ માં પ્રાગત્યોસવ ની ઉજવણીના ભાગરૂપે નગરમાં નિકળેલી ભગવાનની શોભાયાત્રામાં વૈષ્ણવ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાઈ પ્રાગત્યોત્સવની ઉજવણી કરી હતી.-અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697